بسم الله الرحمن الرحيم





**SAFAREISLAM : E - Magazine**

(Islamic Gujarati Digest)









હો લક્ષ્ય પર નજર ને આગે કદમ રહે, ખુશીઓથી પર રહું, પણ એકે ના ગમ રહે,
મસ્તક રહે ગગન પર, ધરતીમાં મૂળ રહે, સૌ પર સદા ફૈઝો કરમ રહે.

# સફરેઈસ્લામ



## 11 VI SHARIF

MUBARAK

માનદતંત્રીઃ ડૉ.હાજીભાઈ બાદી
સહાયકતંત્રીઃ હિદાયત પરમાર

**સંપાદકમંડળ:**
૧.મૌ.નઝમુદીન કડીવાર
૨.અબ્દુલકૈયુમ વહોરા
૩.મૌ.ગુલામયાસીન અશરફી
૪.રેશ્માબહેન જત

**ટેકનિકલ સહયોગ**
૧. શાહિદ પટેલ
૨. મકબૂલ માથકિયા

એહલે સુન્નત વ જમાઅતનું ઈ-મેગેઝીન

**<u>સફરેઈસ્લામ (માસિક)</u>**
(ઈસ્લામિક ગુજરાતી ડાયજેસ્ટ)

ઓક્ટોબર ૨૦૨૫ માહેઃ રબીઉલ આખિર
હિજરીસન: ૧૪૪૭
વર્ષ: ૦૧, અંક: ૦૨, સળંગઅંક: ૦૨
લવાજમ: ખિદમતેઈસ્લામ

## સ્થાપક અને પ્રકાશક

સફરેઈસ્લામ ગૃપ
એડ્રેસઃ સફરેઈસ્લામ (માસિક)
મુ.પો.પંચાશિયા, તા.વાંકાનેર,
જિ.મોરબી. પીન: ૩૬૩૬૨૧.
web: www.safareislam.com
Email: info@safareislam.com

## સફરે ઈસ્લામ કોના માટે છે?

⇒ ઉર્દૂ અને અરબી નહીં જાણનારા સામાન્ય ગુજરાતી વાચકો માટે.

⇒ ધંધા-રોજગાર, ઓફિસ-મુસાફરી વગેરેમાં આપના મોબાઈલમાં વાંચવા સાંભળવા માટે.

⇒ શાળાઓ અને મદ્રેસાઓમાં ભણતા જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ માટે.

## હાર્દિક અપીલ

⇒ દીનેઈસ્લામ સંબંધિત કોઈપણ વ્યકિતને સેવા-સવાબના ભાવસાથે આ સામયિક સફરેઈસ્લામના ધારાધોરણ મુજબ શુદ્ધ ગુજરાતીભાષામાં લેખ લખી મોકલવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

⇒ આ સામયિકના તમામ લેખો શરઈ ચોકસાઈપૂર્વક પ્રગટ થાય છે, છતાં કોઈનાએ ધ્યાનમાં કોઈ ભૂલચૂક જણાયતો બિનચૂક અમારું ધ્યાન દોરશોજી.

⇒ સામયિક સંબંધી તમામ કામો માટેનું સંપર્ક સૂત્રઃ ૯૪૨૬૯૩૦૩૮૧.

# અનુક્રમણિકા

1. I Love Muhammad……………………………… 04 થી 05
2. તસવ્વુફ શું છે?………………….………………….. 06 થી 09
3. જન્નતની સનદ……………………………………… 10 થી 13
4. માબાપના હક્કો…………………………………….. ….. 14 થી 22
5. ગૌસે પાકનો મરતબો……………………………….. 23 થી 27
6. ગૌસેપાકનું અનમોલ જીવન……………………………. 28 થી 30

# ::::::::: તંત્રીની વાણી :::::::::

સફરે ઈસ્લામ ઈ-મેગેઝીનના પ્રથમ અંકનો પ્રારંભ આકાﷺની વિલાદતના 1500મા વર્ષ નિમિત્તે 5 સપ્ટેમ્બર-2025ને શુક્રવાર,12 રબીઉલ અવ્વલના રોજ થયો જેનો ખૂબ સારો પ્રતિભાવ-આવકાર રહ્યો. ઈસ્લામિક સાહિત્ય નિયમિત વાંચવા વાળા જિજ્ઞાસુ-રસિક મિત્રોએ પણ પોતાના કિમતી સૂચનો પણ આપ્યા જે બદલ સૌનો આભાર. રબીઉલઆખિરએ સરકારે ગૌસેઆઝમ رضوان اللّٰہ تعالٰی علیھم اجمعین નીવિલાદતનો મહિનો છે. તેથી આ અંકમાં એમના બે લેખો અને બોધવચનો લેવામાં આવ્યા છે.

ધીરે ધીરે સફરેઈસ્લામનું કાઠું સૌને જચે અને પચે એવું બની રહેશે એનો આનંદ છે.

ઈસ્લામિક સાહિત્યને પ્રકાશિત કરીને તેનો ગુજરાતમાં પ્રચાર-પ્રસાર કરનારી ત્રણ મહત્વની સંસ્થાઓ, જેવી કે દારૂલઉલૂમ શાહેઆલમ તયબાહ કાર્યાલય વતી તંત્રી મુનિરભાઈએ,અંજુમને રઝાએ મુસ્તફા દયાદરા વતી પટેલ શબ્બીરઅલીએ અને દાવતે ઈસ્લામી તરફથી અલ્તાફભાઈ શેરસિયા (તીથવા-વાંકાનેર)એ પોતાના દ્વારા પ્રકાશિત કિતાબોમાંથી જરૂરી ઈસ્લામિક સાહિત્ય સફરેઈસ્લામ સામાયિક માટે લેવાની મંજૂરી આપી છે તેનો જાહેરમાં આભાર માનીએ છીએ.

વ્યક્તિગત પ્રકાશકો પણ આ કામ માટે સહયોગી થઈ શકે તેમ હોય તો તેઓ પણ અમારા એડ્રેસ ઉપર પોતાની દીની કિતાબો મોકલી શકે છે.

ફરી સૌનો ખૂબ ખૂબ આભાર.
ડૉ.હાજીભાઈ બાદી.

મુરીદ પોતાની જાતને પીરના હવાલે એવી રીતે સોંપી દે છે, જેવી રીતે એક મૈયત ગુસલ આપનારના હવાલે કરી દેવામાં આવે છે.

ગૌસે આઝમ رضوان اللّٰہ تعالٰی علیھم اجمعین

# I Love Muhammad

1. I love Muhammad ﷺ – વખાણ થયેલા.
2. I love Ahmad ﷺ – સૌથી વધારે વખાણ પામેલા.
3. I love Al-Mustafa ﷺ – પસંદ કરાયેલા.
4. I love Al-Amin ﷺ – વિશ્વાસુ, સાચા.
5. I love Al-Mahi ﷺ – અંધકાર અને કુફ્ર દૂર કરનાર.
6. I love Al-Hashir ﷺ – લોકોને સંગઠિત કરનાર.
7. I love Al-Aqib ﷺ – અંતિમ નબી.
8. I love Rauf ﷺ – દયાળુ.
9. I love Rahim ﷺ – કરુણામય.
10. I love Al-Khatim ﷺ – નબીઓની મુહર.
11. I love Taha ﷺ – પવિત્ર નામ.
12. I love Yaseen ﷺ – વિશેષ નામ.
13. I love Abdullah ﷺ – અલ્લાહનો બંદો.
14. I love Habibullah ﷺ – અલ્લાહના પ્રિય.
15. I love Safiyullah ﷺ – અલ્લાહના ચૂંટેલા.
16. I love Khalilullah ﷺ – અલ્લાહના દોસ્ત.
17. I love Rasulullah ﷺ – અલ્લાહના મોકલેલ.
18. I love Nabiullah ﷺ – અલ્લાહના નબી.
19. I love Shafi’ ﷺ – તંદુરસ્તી આપનાર.
20. I love Musaffa ﷺ – શુધ્ધ કરનાર.
21. I love Khatamun Nabiyyin ﷺ – પયગંબરોમાં અંતિમ.
22. I love Sirajum Munir ﷺ – પ્રકાશ આપતો દીવો.
23. I love Rahmatullil Alameen ﷺ – સમગ્ર જગત માટે રહેમત બનનાર.
24. I love Bashir ﷺ – ખુશખબરી આપનાર
25. I love Nazir ﷺ – ચેતવનાર.
26. I love Hadi ﷺ – માર્ગદર્શક.
27. I love Fatih ﷺ – વિજેતા.
28. I love Muzakkir ﷺ – આત્માને શુધ્ધ કરનાર.
29. I love Ummi ﷺ – ખુદા જેના ઉસ્તાદ છે તે.
30. I love Mustanir ﷺ – સ્વયં પ્રકાશિત.
31. I love Najiy ﷺ – બચાવનાર.
32. I love Tayyib ﷺ – પવિત્ર અને શુધ્ધ.
33. I love Zakiy ﷺ – બુધ્ધિશાળી, શુધ્ધ.
34. I love Qasim ﷺ – નેમત વહેંચનાર.
35. I love Hafiz ﷺ – રક્ષણ કરનાર.
36. I love Mahmud ﷺ – વખાણ પામેલા.
37. I love Hamid ﷺ – પ્રસંશનીય.
38. I love Mahamid ﷺ – વખાણ પામેલા.
39. I love Mukhtar ﷺ – પસંદ કરાયેલા.
40. I love Murtaza ﷺ – પસંદ કરાયેલા.
41. I love Kamil ﷺ – સંપૂર્ણ.
42. I love Akmal ﷺ – શ્રેષ્ઠ.
43. I love Tahir ﷺ – શુધ્ધ.
44. I love Mutahhar ﷺ – શુધ્ધ કરાયેલ.
45. I love Mansur ﷺ – મદદ કરનાર.
46. I love Nasir ﷺ – સહારો આપનાર.
47. I love Sadiq ﷺ – સાચા, વિશ્વાસુ.
48. I love Masduq ﷺ – વિશ્વાસુ, શ્રધ્ધા મૂકાય તેવા.
49. I love Karim ﷺ – ઉદાર, મહાન.
50. I love Majid ﷺ – મહાન, ભવ્ય
51. I love Jamil ﷺ – સુંદર
52. I love Nur ﷺ – પ્રકાશ
53. I love Siraj ﷺ – દીવો
54. I love Burhan ﷺ – સાબિતી, દલીલ.
55. I love Haqq ﷺ – સત્ય.
56. I love Shahid ﷺ – સાક્ષી આપનાર.
57. I love Mashhud ﷺ – જેની ગવાહી આપી છે તેવા.
58. I love Mubashshir ﷺ – શુભ સમાચાર આપનાર.
59. I love Munzir ﷺ – ચેતવનાર.
60. I love Rauf ﷺ – દયાળુ.
61. I love Aziz ﷺ – શક્તિશાળી.
62. I love Latif ﷺ – નમ્ર અને દયાળુ.
63. I love Hakim ﷺ – જ્ઞાનવાન, વિવેકશીલ.
64. I love Sami ﷺ – શ્રોતા, સાંભળનાર
65. I love Basir ﷺ – દેખનાર, જોનાર.
66. I love Qawiy ﷺ – શક્તિશાળી.
67. I love Matin ﷺ – મજબૂત.
68. I love Halim ﷺ – ધીરજવાળું, સહનશીલ.
69. I love Gani ﷺ – સમૃધ્ધ.
70. I love Wali ﷺ – રક્ષક.

71. I love Maula ﷺ – માલિક, સહારો આપનાર.
72. I love Sayyid ﷺ – આગેવાન,નાયક.
73. I love Sharif ﷺ – આદરણીય.
74. I love Najm ﷺ – તારક.
75. I love Sahib ﷺ – માલિક.
76. I love Mubarak ﷺ – બરકત ધરાવતા.
77. I love Mujtaba ﷺ – પસંદ કરાયેલા.
78. I love Munir ﷺ – પ્રકાશ આપનાર.
79. I love Murid ﷺ – શિષ્ય માટે માર્ગદર્શક.
80. I love Mujahid ﷺ – જિહાદ કરનાર
81. I love Muslim ﷺ – સત્યાચાર્ય, અલ્લાહના માર્ગ પર.
82. I love Muttaqi ﷺ – અલ્લાહથી ડરનાર અને પવિત્ર.
83. I love Zahid ﷺ – અહંકાર વિનાના.
84. I love Qanit ﷺ – અલ્લાહની આજ્ઞા પાળનાર.
85. I love Abid ﷺ – ઈબાદત કરનાર.
86. I love Mujib ﷺ – દુઆ સ્વીકારનાર.
87. I love Mumin ﷺ – શ્રધ્ધાવાન.
88. I love Muhtasib ﷺ – પોતાનું અને અન્યનું મૂલ્યાંકન કરનાર.
89. I love Muballigh ﷺ – સંદેશ આપ.
90. I love Muwahhid ﷺ – એકતા સ્થાપનાર.
91. I love Mutawakkil ﷺ – અલ્લાહ પર ભરોસો રાખનાર.
92. I love Muhyi ﷺ – જીવ આપનાર.
93. I love Mumit ﷺ – મૃત્યુ લાવનાર.
94. I love Hadi ﷺ – માર્ગદર્શન આપનાર.
95. I love Mu'allim ﷺ – શિક્ષક, સમજાવનાર.
96. I love Mubayyin ﷺ – સ્પષ્ટ કરનાર.
97. I love Mutahhar ﷺ – શુદ્ધ કરનાર.
98. I love Mubarak ﷺ – બરકત આપનાર.
99. I love Habibul Azim ﷺ – મહાન અને પ્રિય.

اللَّهُمَّ اجعل حبي لمحمد ﷺ صادقاً وزده في قلبي وحبّبه إليّ أكثر

(અલ્લાહ મારા હૃદયમાં નબી ﷺનો સાચો પ્રેમ વધારજો અને તેમને વધુ પ્રિય બનાવજો)

# ગૌસે આઝમના મુબારક બોધવચનો

(૧) અલ્લાહની શિકાયત કોઈ બંદા પાસે બિલ્કુલ ન કરો.

(૨) શિખામણ એજ ઉપયોગી હોય છે જે અમલની જીભ વડે થાય છે.

(૩) ગુમનામીને પસંદ કરો. તેમાં નામના કરતાં વધારે શાંતિ અને સલામતી હોય છે.

(૪) ઝાલિમ, મઝલૂમની દુનિયા અને પોતાની આખેરત બરબાદ કરે છે.

(૫) મોમીન જેમ જેમ વૃદ્ધ થતો જાય છે તેમ તેમ તેનું ઈમાન યુવાન થતું જાય છે.

(૬) દુનિયાને દિલમાંથી કાઢીને હાથમાં રાખો. દુનિયાની દોલત પ્રાપ્ત કરો, પણ તેને તમારા હાથમાં આવતી – જતી રાખો તેને તમારા દિલમાં સ્થાન ન આપો.

(૭) જો સબ્ર અને ધીરજ ન હોય તો તંગદસ્તી અને બીમારી એક અઝાબ છે અને જો સંપૂર્ણ સબ્ર અને ધીરજ હોય તો તે ઈઝ્ઝત અને કરામત છે.

(૮) આ દુનિયા એક સાગર છે અને ઈમાન એક હોડી છે. તેથી જ હઝરત લુકમાને કહેલું કે દુનિયા એક સમુદ્ર છે, ઈમાન એક હોડી છે, બંદગી એ હોડી હંકારનાર ખલાસી છે, અને આખેરત એ સમુદ્રનો કિનારો છે

# "તસવ્વુફ" શું છે ?

અલ્લાહ તબારક વ તઆલાએ, "ખલકલ ઈન્સાન અલા સુરતેહી" મુજબ હઝરત આદમ (અલયહિસ્સલામ)નું ખાકી પુતળું બનાવીને, તેમાં રૂહ દાખલ કરી. ખુલાસે કાએનાત, નુરે મોહમ્મદી (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) ને તેમની પેશાનીમાં મુકીને, તમામ મખલુકાતમાં હઝરત આદમને વિશિષ્ટ માન અર્પણ કર્યું અને પોતાની ખિલાફતથી સરફરાઝ કરીને "સફીયુલ્લાહ" (એટલે અલ્લાહના ખાલિસ દોસ્ત) ના લકબથી ખુસુસિયત બક્ષી.

દુનિયાની ઉત્પત્તિની સાથે સાથે હઝરત આદમ (અલયહિસ્સલામ)ને બીજી નેઅમતોની સાથે 'તસવ્વુફ'ની નેઅમત પણ આપવામાં આવી. આવું કરવાનું કારણ એ હતું કે મોહમ્મદી નૂરની તજલ્લીની સાથે, રાબતયે હકીકીનું કુર્બ થતું રહે. આ રાઝો નિયાઝનું નામ તે વખતે ગમે તે હોય, પરંતુ આપણા પ્યારા નબી, હઝરત મોહમ્મદુર્રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) ના પવિત્ર યુગમાં, આપ સરકારની પવિત્ર જીભે "સફવુન" શબ્દનો પ્રયોગ થયો છે. હઝરત શેખ કાસીમ કુશેરીએ (રહમતુલ્લાહ અલયહ) પોતાની કિતાબ "કુશેરીયહ" માં, 'તસવ્વુફ પ્રકરણ'ની શરૂઆતમાં, હઝરત અબૂ હુજૈફહ (રદિયલ્લાહો તઆલા અન્હો) થી રિવાયત થએલી એક હદીસ નકલ કરી છે : તે હદીસ આ મુજબ છે. "ખરજ અલયહના રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) મુસ્તગીરૂલ્લીના ફકાલ ઝહબ સફવુદ્ દુન્યા વબકેયલકેદરો ફલ મૌતુલ-યૌમે નહફતુલ-કુલ્લે મુસ્લેમિન."

હઝરત શેખ કાસીમ કુશેરી એવું કહેવા માગે છે કે તે બુઝુર્ગોએ, ઘણું કરીને 'ઉન'નો લિબાસ ધારણ કર્યો. "અન્વારૂલ આરેફીન"ના લેખકના કૌલ મુજબ સુફી લિબાસ લુબ્સે મુરક્કમ છે અને લુબસ મુરક્કઆત સુન્નત છે. હુઝૂર નબીયે કરીમે (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) ફરમાવ્યું છે કે,
"અલયકુમ બેલુબસિસ્સોફે હત્તા તજદ્દો હલાવતલ ઈમાન ફી કોલુબેકુમ."
(અર્થ : તમારા માટે જરૂરી છે કે ઉની કપડાં પહેરો. ત્યાં સુધી કે, તમારા દિલોમાં ઈમાનની મીઠાશની તાજગી મેળવો.)

હઝરત અબૂબક્ર સિદિક (રદિયલ્લાહો તઆલા અન્હો) એ 'સૌફ'નો લિબાસ પહેર્યો અને હઝરત દાઉદ તાઈ (રહમતુલ્લાહ અલયહ), હઝરત ઈબ્રાહીમ અદહમ (રહમતુલ્લાહ અલયહ) અને બીજા સુફીઓએ "મુરક્કા સૌફ" નો લિબાસ પહેર્યો. હઝરત શેખ અબુલ કાસિમ કુશૈરીના કહેવા મુજબ જેવી રીતે અરબી શબ્દ 'કમીસ' પરથી 'તકમ્મુસ' અપભ્રંશ શબ્દ થયો છે, તેવી જ રીતે "સૌફ" પરથી 'તસવ્વુફ' શબ્દ અપભ્રંશ થયો છે. હઝરત શેખ શહાબુદ્દીન ઉમર સુહરવદી (રહમતુલ્લાહ અલયહ) એ "અવારીફુલ મઆરીફ" નામની તેમની કિતાબમાં, 'તસવ્વુફ' શબ્દની ઉત્પત્તિ બાબત બીજા પણ કારણો જણાવ્યાં છે. 'સુફી' શબ્દ, "સૌફ" યા 'સફવહ' પરથી બન્યો હોય તે માનવાને ખાસ કારણ છે. એક તદ્દન સાધારણ જાતનું કપડું આવે છે. તેને

"સુફ" (ઉની) કહેવાય છે. તે ઘણું જ (અરબમાં) સસ્તું હોય છે. તે કપડું જાડું પણ હોવાથી, લાંબા સમય સુધી ફાટતું નથી. તેને વારંવાર ધોવાની જરૂર પડતી ન હતી.

આ કારણોસર, સિર, સુફી સંતોએ આ કપડાંને ("સુફ" ને) પસંદ ફરમાવ્યું. જેમ આપણે કોઈ કપડાને પરમાટો કહીએ, સેનો કહીએ, મલમલ કહીએ, ખાદી, માદરપાટ કહીએ છીએ. માદરપાટ બોલીએ એટલે એક હલ્કા અને સાધારણ કપડાંનો ખ્યાલ આપણને તરત જ આવી જાય છે. તેવી જ રીતે અરબી ભાષામાં ઉની કપડાને 'સુફ' કહેવાય છે. તે ઉની કપડું પણ જાડા માદરપાટ જેવું હોવું જોઈએ, જેથી તેને 'સુફ' કહેતા હતા. સુફી સંતો આ 'સુફ' (ઉની કપડું) પહેરવા લાગ્યા. ઈતિહાસ પર નજર ફેરવતાં એવું જણાય છે કે, સૌથી પહેલાં જેમને 'સુફી' કહેવાયા, તે બુઝુર્ગ હઝરત શેખ અબુલ હાશિમ સુફી હતા. મૌલાના 'જામી'એ પોતાની કિતાબ “નફહાતુલ ઈન્સ'માં લખ્યું છે કે,

“પેશ અઝવય બુઝુર્ગાન બુદંદ દર ઝોહદો વરઅ વ મુઆમલાતે નેકો દર તરીકે તવક્કુલ વ તરીકે મુહબ્બત, લાકિન અવ્વલ કસી કે, વલીશ સૂફી ખ્વાન્દ વલી બુદ, વ પેશ અઝ વય કસેરા બઇં નામ નવાન્દહ બુદંદ. "

(અર્થ: તેમના પહેલાં પણ બુઝુર્ગો હતા, પરહેઝગારી, ઝોહદ અને તકવામાં સારો વર્તાવ કરતા. તવક્કુલ અને મુહબ્બતના તરીકાની રાહમાં પણ સારો વર્તાવ કરતા હતા. પરંતુ સૌ પ્રથમ જો કોઈ વલી શખ્સને સુફીનો લકબ આપ્યો હોય, તો તે વલી શેખ અબુલ હાશિમ હતા. અને તેમના પહેલાં કોઈ શખ્સે આ નામ વાંચ્યું ન હતું.)

હઝરત શેખ અબુલ હાશિમ, તે હઝરત સુફયાન સૌરી, (વિસાલ હિજરી ૧૬૯) હઝરત દાઉદ તાઈ, હઝરત અબ્દુલ વાહેદ બિન ઝૈદ, હઝરત ફુઝૈલ બિન અયાઝ તથાહઝરત ઈબ્રાહીમ બિન અદહમ (રહમતુલ્લાહ તઅલા અલયહિમ અજમઈન) ના સમકાલીન હતા. હઝરત શેખ અબુલ હાશિમની, હઝરત સુફયાન સૌરી સાથે, સિરિયા અને બસરામાં મુલાકાતો પણ થઈ છે. હઝરત અબુલ, હાશિમ તબે તાબેઈન હતા. આથી સાબિત થયું કે, 'સુફી' શબ્દ પ્રયોગ તબે તાબેઈનોના જમાનામાં શરૂ થઈ ચુકયો હતો. પ્રારંભ કાળના બુઝુર્ગો પછી, ઈસ્લામની ઈશાઅત અને તબ્લીગનું કાર્ય, આ સુકી હઝરાતોએ જ કર્યું છે. ખાસ કરીને, ભારતમાં, ઈસ્લામી પ્રચાર અને પ્રસારનું કાર્ય આ સુફી સંતોએ જ કર્યું છે.

જે જમાનામાં, સુલ્તાન મહેમુદ ગઝનવીએ ભારત પર હુમલો કર્યો, તે વખતે હઝરત અલી બિન ઉસ્માન અલ જલાલી હીજોરી (રહમતુલ્લાહ અલયહ) જેમને ગંજબખ્શ લાહોરી પણ કહે છે, તે ભારતમાં આવ્યા. ('કસ્કુલ મહજુબ'ના લેખક પણ તે જ છે) અને લાહોરમાં કાયમી રહેઠાણ બનાવ્યું. હિજરી વર્ષ ૪૯૫માં લાહોરમાં આપનો વિસાલ થયો. આ મહાન બુઝુર્ગની બરકતથી, પંજાબમાં ઘણા લોકો મુસલમાન થયા. તેમના પછી, લગભગ સવાસો વર્ષ પછી, હજરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી, ગરીબ નવાઝ, કોઈપણ હથિયાર વગર, મદીના મુનવ્વરાથી નીકળ્યા, અજમેર શરીફ આવ્યા અને ત્યાં જ સ્થાયી થયા. તે વખતે અજમેર શરીફ કુફ્રો-શિર્કનો અડ્ડો બનેલું હતું.

અંગ્રેજ ઈતિહાસકાર આર્નોલ્ડે "પ્રિચીંગ ઓફ ઈસ્લામ" નામની કિતાબમાં લખ્યું છે કે, ખ્વાજા ગરીબ નવાઝના દિલ્હીના કયામ વખતે સાતસોથી વધુ વ્યક્તિઓ મુસલમાન થઈ હતી, અજમેર શરીફમાં, તેમના પવિત્ર હસ્તે, સૌથી પહેલી જમાઅત જે મુસલમાન થઈ, તે રાજાના મંદિરના એક પુજારી અને તેમના ગ્રુપના માણસો હતા. તે લખે છે કે હઝરત બહાઉદ્દીન ઝકરીયા મુલ્તાની અને હઝરત બાબા ફરીદ ગંજશંકર (રહમતુલ્લાહ અલયહ) ના વરદ હસ્તે

પશ્ચિમી પંજાબની લગભગ આખી વસ્તી મુસલમાન બની ગઈ હતી.

હઝરત શેખ જલાલુદ્દીન તબ્રેઝી (રહમતુલ્લાહ અલયહ) (તેમનો મઝાર સીલહટમાં છે) મુલ્તાન આવ્યા અને ત્યાંથી ભ્રમણ કરતા કરતા આસામ પહોંચીને, હિદાયતેખલ્ક તથા ઈશાઅતે ઈસ્લામના કાર્યમાં મશગુલ થઈ ગયા. તેમના હાથે ઘણા લોકો મુસલમાન થયા.

૧-૭-૨૦૦૪ ૧

મહબૂબે ઈલાહી હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા (રહમતુલ્લાહ અલયહ) ના ખલીફા પૈકી હઝરત ખ્વાજા મુન્તખબુદ્દીન અને ખ્વાજા બુરહાનુદ્દીન ગરીબ, દૌલતાબાદ પહોંચી ગયા, ખ્વાજા શમ્યુદ્દીન ઉસ્માનાબાદ પહોંચ્યા. તેવી જ રીતે હઝરત શેખ અખી સીરાજ (રહમતુલ્લાહ અલયહ) બંગાલ પહોંચીને, ઈસ્લામ ધર્મનો ફેલાવો કર્યો. ખુદા જ બેહતર જાણે છે કે ઉપર જણાવેલા બુઝુર્ગોના હાથે કેટલી સંખ્યામાં લોકો મુસલમાન થયા હશે. તેની વિગત મળી નથી. અંગ્રેજ લેખક આર્નોલ્ડ લખે છે કે દક્ષિણ ભારતમાં જો કે, ઈલ્મી હકુમત સ્થાપિત થઈ ચુકી હતી, તેમછતાં ઈસ્લામની અસરકારક તબ્લીગ હઝરત મદુમ સૈયદ મુહમદ હુસૈની "ગેસુદરાઝ" ના હાથે થઈ હતી.

નોંધપાત્ર હકીકત એ છે કે આ પવિત્ર મુસ્લિમ બુઝુર્ગોની પાસે કોઈ ફોજ ન હતી, કોઈ ખજાનો ન હતો, તે કોઈની પર સખ્તી કે ઝુલ્મ કરતા ન હતા. પોતાની વાત મનાવવા માટે કોઈની પર બળખબરી કરતા ન હતા, ભારતના લોકો તે બુઝુર્ગોની અરબી યા ફારસી ભાષા પણ જાણતા ન હતા. ભારતમાં તે લોકો કોઈને ઓળખતા ન હતા, કોઈપણ શખ્સ તેમના સંસ્કાર અને ટેવોથી આ પહેલાં માહિતગાર ન હતો, તેમ છતાં આવી ક્રાંતિ કેમ થઈ શકી તે વિચારવા યોગ્ય છે. તેનો જવાબ એ છે કે ઈસ્લામ ધર્મની સચ્ચાઈ અને બે બુઝુર્ગોની ફકીરાના જીંદગી તેમજ ધ્યેયની સચ્ચાઈએ, લોકોનાં દિલોને પીગળાવી દીધાં હતાં. લોકોનાં ટોળે ટોળાં તેમનાં હાથ પર ઈસ્લામી વર્તુળમાં આવી ગયાં હતાં.

આ બુઝુર્ગોએ કિતાબો પણ લખી છે. જેને જે વિષય ઠીક લાગ્યો તેની પર લખ્યું છે. પરંતુ "તસવ્વુફ"ના વિષય પર સંપૂર્ણ વિગતો આપતી, સૌથી પહેલી કિતાબ જે લખાઈ, તે કિતાબનું નામ “કુવ્વતુલ કુલુબ ફી મુઆમલતુલ મહેબુબ વ ચરસ્ફે તરીકુલ મુરીદ ઈલા મુકામે તૌહીદ.” હતી. તે કિતાબના લેખક હઝરત શેખ અબુ તાલીબ મહેમુદ બિન અતીકલ મક્કી હતા. (વિસાલ હિજરી ૩૬૦) આ કિતાબનું નામ લાંબું હોવાથી, ટૂંકમાં તેને 'કુવ્વતુલ કુલુબ' પણ કહેવાય છે. 'કફ્યૂઝ ઝનુન'ના લેખક ઉપરોકત કિતાબ બાબત લખે છે કે, ઈલ્મે તરીકતની બારીકીઓ બાબતમાં, તેના જેવી બીજી કોઈ કિતાબ જણાતી નથી. એ કિતાબ મિસરમાં બે વાર પ્રકાશિત થઈ છે. જે જમાનામાં “કુવ્વતુલ કુલુબ" લખવામાં આવી. તે જ જમાનામાં હઝરત ઈમામ અબૂબક્ર મુહંમદ બિન ઈબ્રાહીમ અલ બુખારીએ (વિસાલ હિજરી વર્ષ ૩૮૦માં) પોતાની જગવિખ્યાત કિતાબ, “તઆરૂકુલ મઝહબ અત્તસવ્વુફ" લખી હતી. સુફી ઝરાત અને એ વિષેના લેખકો કહે છે કે, આ કિતાબ લખાઈ ન હોત, તો “તસવ્વુફ” ના ભેદ અને હકીકતની જાણકારી પ્રાપ્ત થાત જ નહિ. હઝરત શેખ ઈબ્રાહીમ બિન ઈસ્માઈલ બિન મોહમ્મદ બિન અબ્દુલ્લાહના ફારસી વિવેચન સાથે, એ કિતાબ લખવામાં આવી અને નવલ કિશોર પ્રેસમાં છપાઈ હતી, પરંતુ હવે મળતી નથી.

'તસવ્વુફ' અંગેની ત્રીજી જગવિખ્યાત કિતાબ "અવારીફુલ મઆરૂફ" છે. તેના લેખક અબુલ કાસિમ શહાબુદ્દીન ઉમર સુહરવર્દી (વિસાલ, હિજરી વર્ષ ૬૩૨માં) છે. આ કિતાબ પણ મિસરમાં છપાઈ હતી. હઝરત સૈયદ મોહમ્મદ ગેસુદરાઝે (રહમતુલ્લાહ અલયહ) તેની પર અરબી તેમજ ફારસી ભાષામાં વિવેચન લખ્યું છે.

ઉપરની બધી કિતાબો અરબી ભાષામાં લખાઈ છે. માત્ર તેનાં વિવેચન ફારસી ભાષામાં થયાં છે.
લી. આપના આસ્તાનાની ધૂળ,

ગુલામે ગુલામાને મુસ્તફા,

હાજી ઉસ્માનભાઈ એ. ખત્રી, ચિશ્તી M.A. LL.B.
(એડવોકેટ) માનદ્ તંત્રી : 'તયબાહ' (માસિક)

## બાર ઈમામોના નામ મુબારક

૧. હઝરત અલી કર્રમલ્લાહુ વજહુલ કરીમ
૨. હઝરત ઈમામ હસન રદિયલ્લાહો તઆલા અન્હો
૩. હઝરત ઈમામ હુસૈન રદિયલ્લાહો તઆલા અન્હો
૪. હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન રદિયલ્લાહો તઆલા અન્હો
૫. હઝરત ઈમામ મોહંમદ બાકર રદિયલ્લાહો તઆલા અન્હો
૬. હઝરત ઈમામ જાફર સાદિક રદિયલ્લાહો તઆલા અન્હો
૭. હઝરત ઈમામ મુસા કાઝીમ રદિયલ્લાહો તઆલા અન્હો
૮. હઝરત ઈમામ અલી રઝા રદિયલ્લાહો તઆલા અન્હો
૯. હઝરત ઈમામ મોહંમદ તકી રદિયલ્લાહો તઆલા અન્હો
૧૦. હઝરત ઈમામ મોહંમદ નકી અલી રદિયલ્લાહો તઆલા અન્હો
૧૧. હઝરત ઈમામ મોહંમદ અસ્કરી રદિયલ્લાહો તઆલા અન્હો
૧૨. હઝરત ઈમામ મહેંદી રદિયલ્લાહો તઆલા અન્હો

# 'જન્નતની સનદ

સંપાદક : હાજી ઉસ્માનભાઈ એ. ખત્રી, ચિશ્તી માનદ્
તંત્રી: 'તયબાહ' (માસિક)

પ્યારા મુસલમાનો ! નમાઝને "અસ્સલાતો મેઅરાજુલ મોમેનીન." કહી છે. (અર્થ : નમાઝ મોમીનીની મેઅરાજ છે.) મુસ્લિમ અને ગયર મુસ્લિમમાં નમાઝનો જ ફરક છે. રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે દરેક પુખ્ત વયના સ્ત્રી-પુરૂષને નમાઝ પઢવાનો હુકમ આપ્યો છે. એક હદીસમાં, હુઝૂરે ઈર્શાદ ફરમાવ્યો કે, "જેણે ઈરાદાપૂર્વક નમાઝને છોડી દીધી, તે કુફ્ર સુધી સુધી પહોંચી ગયો." જે મુસલમાન પોતે મુસલમાન હોવાનો દાવો કરતો હોય, તેણે પોતે પણ નમાઝ પઢવી જોઈએ અને પોતાની પુખ્ત વયની ઔલાદને નમાઝ પઢવાથી તાકીદ સખ્તીથી કરવી જોઈએ. નમાઝની તબ્લીગ જ ખાસ કરીને ઈસ્લામની તબ્લીગ છે. મસ્જિદોને આબાદ કરો, જમાઅતની સાથે નમાઝ પઢો. મહોલ્લાની મસ્જિદમાં, મહોલ્લાના તમામ આકીલ-બાલીગ મુસલમાન નમાઝ પઢવા માંડે, તો જે લોકો નમાઝ નહિ પઢતા હોય તેમને પણ શરમ આવશે. તે પણ મસ્જિદમાં નમાઝ-બાજમાઅતમાં શામેલ થયા વગર રહેશે નહિ.

નમાઝ પૂર્વે બરાબર વુઝૂ કરો. કિબ્લા રૂખ ઉભા રહીને, તકબીર પઢીને, કીરઅંત, રૂકૂઅ, સિજદો, કઅદલ, અત્તહિય્યાત બરાબર પઢો. જરાપણ ઉતાવળ કરો નહિ. બાદશાહોના પણ બાદશાહ, સકળ સૃષ્ટિના માલીક અને રબ્બની બારગાહમાં તમે બેઠા છો અને તેનો ઝિક્ર કરી રહ્યા છો તે ખ્યાલ રાખો.

અર્થ થાંભલો થાય છે. ઈસ્લામની ઈમારત આ થાંભલા નમાઝ, ઈસ્લામનો બુનિયાદી સસ્તુત છે. સતુનનો ઉપર ઉભેલી છે. કલ્મએ તૌહીદ પછી, સૌથી પ્રથમ ફર્ઝ અને ઈબાદત, નમાઝ છે. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, દરેક શખ્સે, નમાઝના નક્કી કરેલા સમયે નમાઝ અદા કરી લેવી જોઈએ. તેમાં આળસ કરવું નહિ. મસ્જિદના મીનારાઓથી "હય્યા અલસ્સલાત" (નમાઝને માટે આવો) અને "હય્યા અલલ ફલાહ." (નજાતની તરફ આવો) ના નારા, પાંચ વખત થાય છે. અલ્લાહ તઆલા પોતાના ફઝલો કરમથી નવાઝવા માટે અને બંદાઓના ગુના માફ કરવા માટે, દિવસ-રાત, પાંચ વખત, અલ્લાહ તઆલા, આ આ મુનાદી (ઢંઢેરો) કરાવે છે. છતાં કેટલાક ગાફિલ મુસલમાનોના આ મુનાદી સાંભળીને પણ પીગળતા નથી. તેમનાં દિલ, પત્થર જેવાં થઈ ગયા છે. અલ્લાહનું આમંત્રણ મળે છે તેને પણ તે લોકો ઠુકરાવી રહ્યા છે. હિદાયત અને નજાતના સીધા સ્વચ્છ રસ્તા પર દોડી જવાને બદલે તે લોકો પત્તાં રમ્યા કરે છે, ઊંઘતા પડયા રહે છે, ગપ્પાં મારતા બેસી રહે છે, ધંધા રોજગારમાં રચ્યા પચ્યા રહે છે. ખુદાના એહકામની સાથે તેમની આવી સરકશી તેમને ક્યાં લઈ જશે, તેની તેમને ખબર નથી. નજાતના રસ્તે નહિ ચાલીએ, તો અઝાબનો રસ્તો, બરબાદીનો રસ્તો, જહન્નમનો રસ્તો બાકી રહે છે. મુસલમાનોને અલ્લાહ તઆલા નેક હિદાયત આપે અને સારી સમજ આપે. આમીન.

મેઅરાજની મુબારક રાત્રે, અલ્લાહ તઆલા તરફથી, મુસલમાનોને પાંચ વખતની નમાઝનો તોહફો મળ્યો. સરકારે મદીના સલ્લલ્લાહો અલયહે વસલ્લમને સુન્ની

કહેવાય છે અને સરકારે મદીનાનો ઈશ્ક, તેમની આ 'તોહફો' અર્પણ કરવામાં આવ્યો. જે મુસલમાનો મહોબ્બતનો, તેમની પર પોતાની જાન કુરબાન કરવાનો દાવો કરે છે. તે સુન્ની મુસલમાનો જ નમાઝ ના પઢે, તો તેમનો દાવો, પોકળ દાવો છે. મદની સરકાર પ્રત્યે તેમની તકાદારી એક માત્ર ફરેબ સાબિત થાય. આપણે તેમનું નામ લેનારા અને તેમના આશિકોમાં કોઈ બેનમાઝી નહિ જ હોવો જોઈએ. તો

નમાઝને છોડી દેવાથી જ, ઝિલ્લત અને પરેશશીઓની જાળમાં આજનો મુસલમાન ફસાયો છે. કયામતના દિવસે સૌ પ્રથમ નમાઝની પૂછપરછ થશે તે યાદ રાખો.

રોઝે મહશર કે જાં ગુદાઝ બુવદ અવ્વલીં પુરસિશે નમાઝ બુવદ મુસલમાનો ! નમાઝ પઢતા થઈ જાવ. દીનો-દુનિયાની અઝમતો, નેઅમતો અને સઆદતો તમારા કદમોની ઠોકરોમાં આળોટવા માંડશે-ઈન્શાઅલ્લાહ. અલ્લાહ તઆલા પણ કુર્આને હકીમમાં ઈર્શાદ ફરમાવે છે કે, 'અકીમુસ્સલાતા વઆતુઝ ઝકાતા.' મુસલમાનો ! નમાઝ પઢો અને ઝકાત આપો. બીજી એક જગ્યાએ એવો ઈર્શાદ રબ્બાની થયો છે કે, "અકીમુસ્સલાતા વલા તકુનૂ મિનલ મુશરેકીન." (અર્થ : નમાઝ પઢો અને મુશરિકોમાંથી બની જાવ નહિ.) કુર્આને હકીમમાં નમાઝ પઢવા માટે, અલ્લાહ તઆલાએ, વારંવાર તાકીદ કરી છે, તે હકીકત સ્પષ્ટ રીતે સાબિત કરે છે કે, નમાઝ અલ્લાહને ઘણી જ પસંદ છે.

'વલા તકુન મિનલ મુશરેકીન' વાળી આયત ઉપર લખી છે, તે વિષે ચર્ચા કરતાં, ઈમામ અહમદ (રહમતુલ્લાહ અલયહ) તો તેટલે સુધી લખે છે કે, જે બેનમાઝી છે, તે કાફિર છે. આજના મુસલમાનોને દરેક વાતનો સમય છે. સિનેમા જોવા માટે સમય છે, ક્રિકેટની મેચ જોવા સમય છે, ખેલ તમાશા માટે સમય છે, પરંતુ નમાઝ પઢવા માટે સમય નથી. અફસોસ ! સદઅફસોસ ! નફસાની ખ્વાહેશાત પાછળ તેમના દિવસ-રાત વેડફાઈ રહ્યા છે, પરંતુ ઈબાદતે ઈલાહી માટે, તેમને પળવારનીય ફુરસદ નથી.

અલ્લાહ તઆલાએ કુઆને હકીમમાં નમાઝીઓને જન્નતની બશારત આ શબ્દોમાં આપી છે કે, 'વલ્લઝીના હુમ અલા સલાતેહિમ યુહાફેઝુના, ઉલાઈએકા ફી જન્નાતીન મુકરમુન."

આ દુનિયા કોઈનીય થઈ નથી. કરોડો માણસો મરી ગયા. આ જિંદગી થોડાં વર્ષની છે. એક દિવસ, તમામ માલો મિલ્કત, અહીં મૂકીને, ગોશએ મરકદમાં મોટું સંતાડવાનું છે. મર્યા પછી પશ્ચાતાપનાં આંસુ સારવાથી કશું જ વળશે નહિ. આજે સમય છે, આપણે તૌબા કરી લઈએ અને નમાઝના પાબંદ બની જઈએ. ખુદાની સમક્ષ ઝુકી જઈએ, તેના આલી બારગાહમાં રડીએ, આંસુ વહાવીએ અને તેનાથી જ મદદ માંગીએ. બેશક! તે ઘણો જ મહેરબાન અને રહેમ કરનારો છે.

દુનિયા કી ચાહ દિલ સે ઘટાવો, નમાઝીઓ હુબ્બે રસૂલે પાક, બળહાવો, નમાઝીઓ દુનિયા ઔર ઉસ્કી રાહતેં, હો જાયેંગી ફના કુછ આખેરત કા તોશા, બનાવો, નમાઝીઓ દુનિયા કે ઘરકી ફિક્ર, અબસ હૈ અબસ, સુનો જન્નત મેં કરર અપના, બનાવો, નમાઝીઓ

નમાઝમાં ઈલાહી તકકુંબ પ્રાપ્ત થાય છે. નમાઝમાં અબ્દીયત અને માબુદીયતનો અવિર્ભાવ થાય છે. નમાઝમાં ખાલકીયત અને મલુકીયતના દરજ્જા,

પુરેપુરા અવિષ્કાર પામે છે. નમાઝ, આપણા કલ્બને મઅરેફ્ત અને રૂહાનીયતની દૌલતથી માલામાલ કરે છે. બીજી કૌમોથી અલગ અને સ્પષ્ટ રીતે જુદી તરી આવતી નિશાની તરીકે નમાઝ છે.

જે જમાનામાં મુસલમાનો, અલ્લાહના એહકામોના પાબંદ હતા, પ્યારા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તાલીમ મુજબ ચાલતા હતા, ત્યારે હક્કતઆલાના ફઝલો-કરમથી તેમને નવાજવામાં આવ્યા હતા. દુનિયાની તમામ કૌમો તેમનું માનપાન કરતી હતી. આ જમાનામાં મુસલમાનોએ ઈસ્લામી તાલીમને તિલાંજલિ આપી છે, અલ્લાહના હુકમોનો અનાદાર કર્યો છે અને શયતાની ફ્રેબ અને શયતાની માયાજાળમાં ફસાયા છે, માટે અલ્લાહની નેઅમતોથી મહેરૂમ થઈ ગયા છે. આજે તેમની ઈઝઝત, આબરૂ અઝમત, દૌલત, સરવત, એ બધું ભૂતકાળની કથાઓ રૂપે રહી ગયું છે. પશ્ચિમી સંસ્કૃતિના રંગમાં રંગાએલો આજનો મુસલમાન, ધર્મથી કેટલો દૂર ચાલ્યો ગયો છે,

તે એ વાતથી જણાઈ આવે છે કેટલાક યુવાન મુસલમાનોને કલ્મા પણ બરાબર આવડતા નથી. ગુજરાતના લગભગ દરેક ગામમાં અને શહેરમાં કાયમ થએલી આપણી 'સુન્ની કમિટિઓ'ને અમે તાકીદ કરીએ છીએ કે, ગામમાં વસતા દરેક આકીલ-બાલીગ મુસલમાનને નમાઝ શીખવવા માંડે. ઘેર ઘેર જાય અને નમાઝના અરકાન પુછો. જેમને આવડતું ના હોય તેમને

શાંતિથી, નમ્રતાથી અને પ્રેમથી સમજાવે. નમાઝની અગત્યતા સમજાવે, પોતે પણ નમાઝના પાબંદ બની જાય, પોતાના ઘરના સભ્યોને નમાઝના પાબંદ કરી દે, પછી જ ગામમાં બીજા ઘરોમાં કહેવા જાય, તો ઈન્શાઅલ્લાહ જરૂર ગયબી મદદ મળશે જ.

અલ્લાહના કામમાં અલ્લાહની મદદ જરૂર મળી રહેશે. કોઈ કોઈ ઠેકાણેથી જાકારો પણ મળશે, ગાળો પણ ખાવી પડશે, તેમ છતાં 'સુન્ની કમિટિ'વાળા ભાઈઓ નાસીપાસ કે હતાશ ના થાય અને પોતાના ધ્યેયમાં વળગી રહીને પોતાના મીશનને ચાલુ રાખે.

કરો ઈબાદતે રબ્બલ ઉલા, નમાઝ પઢો સુનો હદીસે શહે દો સરા, નમાઝ પઢો હો તુમ બરાએ ઈબાદત, કીયે ગયે પયદા ખુદા કે બન્દો, ખુદાકે લીયે, નમાઝ પઢો

મુસલમાનો ! નમાઝ તો પઢવાની જ છે. પરંતુ ખૂબ જ એકાગ્રતાથી, એકચિત્ત થઈને, બારગાહે ઈલાહીમાં ઉભા થવાનું છે. નમાઝ પઢો તો નમાઝનો હક અદા કરો. અલ્લાહને આપણી 'કસરત કે ઉઠબેસ'ની જરૂર નથી. યંત્રની માફક બે રકત અથવા ચાર રકત પઢી લઈએ તેવી નમાઝનજો કશો અર્થ નથી. તેવી નમાઝ બારગાહે ઈલાહીમાં કબુલ થવાની આશા રાખી શકાય નહિ. આપણા બુઝુર્ગો, નમ્રાઝમાં કેવી એકાગ્રતા અને કેવી શાંતિ રાખતા હતા તેના બે ચાર દાખલા જોઈએ.

* હઝરત રાબેઆ અદવીયા (રદિયલ્લાહો તઆલા અન્હા) રાત-દિવસમાં એક હજાર રકત નમાઝ પઢતાં હતાં. તે ફરમાવતાં હતાં કે ખુદાની કસમ નમાઝ પઢીને સવાબ મેળવવાનો મારો હેતુ નથી. પરંતુ કયામતના દિવસે, હુઝૂર સરવરે આલમ તથા બીજા અંબીયાએ કિરામની સામે હું હાજર થાઉં, ત્યારે મારા મદની સરકાર ફરમાવી ઉઠે કે, જુઓ! મારી ઉમ્મતની એક મામુલી ઔરત પણ આવી ઈબાદત કરનાર હતી.

* હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર, જ્યારે બયતુલ્લાહ શરીફ્માં નમાઝ પઢતા ત્યારે અલ્લાહનો ખૌફ, હયબત અને અઝમતે ઈલાહીના કારણે, એક સુકા ઝાડની

માફક કશી જ હરકત કર્યા સિવાય નમાઝમાં ઉભા રહેતા હતા. હરમ શરીફનાં કબુતરો, તેમને સુકું ઝાડ સમજીને તેમની પીઠ પર આવીને બેસી જતાં હતાં.

* હઝરત ઈબ્રાહીમ બીન શુરૈક (રદિયલ્લાહો તઆલા અન્હો) જયારે સિજદામાં જતા, ત્યારે એવી

હાલત થઈ જતી કે જાનવરો આપને માટીનો ઢગલો સમજીને, તેમની પર આવીને બેસી જતાં હતાં. (અલ્લાહો અકબર ! નમાઝમાં એકાગ્રતા અને ખુદાના ખીફનો કેવો સબક આપણા બુઝુર્ગો આપણને શીખવી ગયા છે !)

* હઝરત ઉવૈસ કરની (રહમતુલ્લાહ અલયહ) આખી રાત જાગતા અને નમાઝ પઢતા હતા. તે ફરમાવતા હતા કે, ફરિશ્તાઓ કદી સુતા નથી અને અલ્લાહની ઈબાદત કર્યા જ કરે છે. આપણે માનવીઓ તો "અશરફુલ મખલુકાત" છીએ, અને તમામ મખલુકમાં અફઝલ છીએ, તો આપણે શા માટે થાકીને સુઈ જવું જોઈએ?

* કરબલાના વાકેઆતમાં, જેવી રીતે ઈમામે આલીમુકામની શહાદતની ચર્ચા થાય છે, તેવી જ રીતે આપની નમાઝની પણ તારીફ થાય છે. એક શાયરે કહ્યું છે કે, કયા નમાઝે 'શાહ'થી, અરકાને ઈમાની કે સાથ દિલ ભી ઝુક જાતા થા, હર સજદેમેં પેશાની કે સાથે

હઝરત ઈમામે આલી મુકામે, પોતાના મુજાહીદાના કિરદાર બતાવીને તથા પોતાનું પવિત્ર લોહી વહાવીને, તૌહીદો-રિસાલતના, ફરઝંદોને સચ્ચાઈ અને જવાંમર્દીના પાઠ તો શીખવી જ ગયા, પરંતુ સાથે સાથે નમાઝની અગત્યતા પણ સમજાવી ગયા છે. તેમણે આપણને શીખવ્યું છે કે, સબ્રની પરીક્ષાવાળો ગમે તેવો કઠિન સમય હોય અથવા ગમે તેટલો મુશ્કેલ પ્રસંગ હોય, તો પણ નમાઝથી ગફલત કરવી નહિ. મયદાને કરબલામાં આપે જે રીતે નમાઝ અદા કરી, તે જાણીતો ઈતિહાસ છે.

ચૌદમી સદીના આપણે મુસલમાનો, આપણા દિલમાં નજર નાખીએ ! મોહર્રમ માસમાં, ઈમામે આલી મુકામ, હઝરતે હુસૈન રદિયલ્લાહો તઆલા અન્હોની મહેફીલો સજાવીએ છીએ, શહાદતની વાયઝો કરાવીએ છીએ, શરબતો પીવડાવીએ છીએ, નઝરો ન્યાઝ અને ખીચડો પકાવીએ છીએ-બધું બરાબર છે; એ કરવું જ જોઈએ અને કરીએ છીએ. પરંતુ આ બધું કરનારા આપણા ટોળામાં નમાઝી કેટલા ? આપણે ઈમામ હુસેનના પ્યારઓ છીએ. કયામતના મેદાનમાં આપણે તેમને શું મોઢું બતાવી શું? આપણે રસૂલે પાકના આશિકો છીએ. મયદાને હરમાં આપણી ઓળખ 'બેનમાઝી' તરીકે થશે ત્યારે આપણી દશા કેવી થશે ? (સંપૂર્ણ)

સાભાર:
તયબાહ:01-06-2004
લેખક:ઉસ્માનભાઈ ખત્રી

તમારો દોસ્ત તે છે જે તમને બુરાઈથી રોકે,
તમારો દુશ્મન તે છે જે તમને ભલાઈથી રોકે.
ગૌસે આઝમرضوان اللہ تعالٰی علیهم اجمعین

# મા-બાપના હક્કો :

આજની અંગ્રેજી તાલીમમાં ઉછરતાં બાળકોને ઈસ્લામી તાલીમથી વાકેફ રાખવા 'તયબાહ' (માસિક) મારફત અમે તનતોડ પ્રયાસ કરી રહ્યા છીએ. વર્તમાન કાળમાં, જે ઝેરીલું વાતાવરણ ચારે દિશામાં જણાય છે, તેમાં આપણાં બાળકો ગેરમાર્ગે દોરાઈ ન જાય અને પરણ્યા પછી બાળકના પિતાના, માતાના કયા હક્કો ઈસ્લામે અમલ કરવા માટે બતાવ્યા છે. બાળક પેદા થાય ત્યારથી શરૂ કરી, તેને પરણાવતાં, સુધીના મા-બાપના હક્ક ઔલાદ પર કયા છે અને ઔલાદ ના હક્ક, મા-બાપ પર કયા છે, તેમજ બાળકની ખત્નાના હુકમો શું છે તથા અકીકો કરવા માટે કેવા કાનૂન ઈસ્લામે બનાવ્યા છે, તે સઘળી માહિતી સંક્ષિપ્તમાં ચાર હપતાના લેખોમાં મળી રહે તેવી અમે કોશિશ કરી છે.

અમે જાણીએ છીએ કે, ઈ.સ. ૧૯૯૯ના જાન્યુ તથા ફેબ્રુ મહિનામાં અકીકા તથા ખત્નાના અહકામ કુલ બે હપતામાં અમે પ્રગટ કર્યા હતા. પરંતુ આજે જે વિષય શરૂ કરીએ છીએ, તેમાં ખત્ના અને અકીકાની માહિતી ફરીથી સમાવી લઈને, મા-બાપ અને ઔલાદ હક્કોને એક જ લેખમાળામાં સાંકળી દેવાનો પ્રયાસ કર્યો છે, જેથી ભવિષ્યમાં સાચવી રાખેલાં એ ચાર હપતા 'તચબાહ' માંથી મળી જાય. (-તંત્રી)

અલ્લાહ તઆલા કુર્આન પાકમાં, પારા-૧૫, આયત-૨૩, ૨૪માં ઈર્શાદ ફરમાવે છે કે, (અર્થ: “અને તમારા રબ્બે હુકમ ફરમાવ્યો કે એના સિવાય કોઈને પૂજો નહિ અને મા-બાપની સાથે સારો વર્તાવ કરો. જો તમારી હાજરીમાં તેઓમાંનાં એક અથવા બંને ઘડપણમાં પહોંચે (કમજોરી છવાઈ જાય, અંગોમાં શક્તિ ન રહે અને જેવો તુ બચપનમાં એમની પાસે શક્તિહિન હતો એવાં જ તેઓ અંતિમ વયે અશક્ત તારી પાસે રહી જાય) તો તેમને 'ઉફ' ન કહેશો. (એટલે કે એવા કોઈ શબ્દ મોઢેથી ન કાઢશો જેનાથી એ સમજાય કે એમના પ્રતિ તમારા સ્વભાવમાં કાંઈ ભાર પડે છે.) અને તેમને ધમકાવશો નહીં અને તેમની સાથે તાઝીમથી વાત કરશો

(અને આ રીતે અદબભેર તેમની સાથે વાત કરશો) અને તેમના માટે નરમ દિલથી વિનયનું પડખું બિછાવ. (એટલે કે નમ્રતાપૂર્વક તેમની સમક્ષ રહે અને તેમની સાથે થાકેલા સમયમાં હેત તથા મહોબ્બતનો વર્તાવ કર કે તેમણે તારી લાચારીઓના સમયે તને મહોબ્બતથી ઉછેર્યો અને જે ચીજની એમને જરૂરત હોય તેના માટે ખર્ચ કરવામાં અચકાઈશ નહીં) અને વિનંતી કર કે, અય મારા રબ ! તુ આ બંને પર રહમ કર જેવી રીતે આ બંનેએ મને બચપણમાં ઉછેર્યો. (મતલબ એ કે દુનિયામાં સદવર્તાવ કરવામાં અને ખિદમત કરવામાં ગમે તેટલી અતિશયોક્તિ કરવામાં આવે, પરંતુ વાલિદૈન (મા-બાપ)ના એહસાનનો હક્ક અદા થતો નથી, એટલા માટે બંદાએ જોઈએ કે બારગાહે ઈલાહીમાં તેમના પર ફઝલો રહમત ફરમાવવાની દુઆ કરે અને અરજ કરે. કે, અય મારા રબ ! મારી ખિદમત તો તેમના એહસાનનો બદલો થઈ શકતી નથી જેથી તુ તેમના પર કરમ કર, જેથી તેમના એહસાનનો બદલો થઈ જાય. (પારા-૧૫, રૂ-૩, આયત-૨૩, ૨૪)

ફાયદાઓ : (૧) મા-બાપને તેમનાં નામ લઈને ન પોકારો કેમકે એ અદબની વિરૂદ્ધ છે અને તેમાં એમના

દિલને રંજ પહોંચશે. પરંતુ તેઓ તમારી સામે ન હોય તો નામ લઈને તેમનો ઉલ્લેખ કરવો જાઈઝ છે.

(૨) મા-બાપની સાથે એવી રીતે વાત કરો જેવી રીતે એક ગુલામ કે નોકર તેના માલિક સાથે વાત કરે છે.

(૩) આયત 'રબ્બિર્રહમહુમા...'થી સાબિત થયું કે, મુસલમાન માટે રહમત તથા મગફિરતની દુઆ જાઈઝ અને તેને ફાયદો પહોંચાડનારી છે. મુર્દાના ઈસાલે સવાબમાં પણ તેમના માટે રહમતની દુઆ થાય છે, જેથી તેના માટે આ આયત અસલ (દલીલ રૂપ) છે.

(૪) મા-બાપ કાફિર હોય, તો તેમના માટે હિદાયત તથા ઈમાનની દુઆ કરે, કે એ જ તેમના હક્કમાં રહમત છે. (કન્જુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન)

એક અન્ય ઠેકાણે બની ઈસરાઈલથી પોતાના અહદ (વાયદા)ને યાદ અપાવતાં ખુદા તઆલાએ ઈર્શાદ ફરમાવ્યો છે કે,
(અર્થ : અને જ્યારે અમે બની ઈસરાઈલથી વાયદો લીધો કે અલ્લાહ સિવાય કોઈને ન પૂજો અને મા-બાપની સાથે ભલાઈ કરો. (તર્જુમએ રઝવિય્યહ)

આ આયત 'સુરા બકરહ' ની છે અને એનાથી આગલી આયતમાં અલ્લાહ તઆલાએ પોતાની ઈબાદતનો હુકમ આપ્યો. તેનાથી જાણવા મળ્યું કે, મા-બાપની ખિદમત અતિશય જરૂરી છે, મા-બાપની સાથે ભલાઈનો એ મતલબ છે કે, એવી કોઈ વાત ન કહે અને એવું કોઈ કામ ન કરે જેનાથી તેમને તકલીફ થાય અને પોતાના શરીર તથા માલ વડે તેમની ખિદમતમાં ખચકાટ ન રાખે, જ્યારે તેમને જરૂરત હોય ત્યારે તેમની પાસે હાજર રહે.

મસાઈલ : (૧) જો મા-બાપ તેમની સેવા અર્થે નફ્લ નમાઝ છોડવાનો હુકમ આપે, તો તેમની ખિદમત નફ્લ નમાઝ કરતાં અગ્રિમતા ધરાવે છે.

(૨) વાજિબી, મા-બાપના હુકમથી છોડી શકાતા નથી.

મા-બાપની સાથે એહસાન કરવાના કેટલાક તરીકા જે હદીસોથી સાબિત છે, તે આ મુજબ છે :-

(૧) સાચા દિલથી તેમની સાથે મહોબ્બત રાખે.

(૨) વાતચીત અને ઉઠક બેઠકમાં તેમની સાથે અનિવાર્ય રીતે અદબ જાળવે.

(૩) તેમની શાનમાં તાઝીમના શબ્દો ઉચ્ચારે.

(૪) તેમને રાજી કરવાની કોશિશ કરતા રહો.

(૫) પોતાના ઉમદા માલને તેમનાથી ન બચાવે. (તેમના માટે ખર્ચે.)

(૬) તેમના મૃત્યુ બાદ તેમની વસિષ્યતોને નિભાવે, અમલ કરે.

(૭) તેમના માટે ફાતેહા, સદકા, તિલાવતે કુર્આનથી ઈસાલે સવાબ કરે.

(૮) અલ્લાહ તઆલાથી તેમની મગફિરતની દુઆ કરે, કરતો રહે.

(૯) અઠવાડિક રીતે તેમની કબરની ઝિયારત કરે.

(તફસીરે ફ ુલ અઝીઝ; ખઝાઈનુલ ઈર્ફાન) કુર્આનમાં એક અન્ય ઠેકાણે મા-બાપની સાથે સદવર્તાવ (હુને સુલૂક)ની તાકીદ કરતાં હુકમ ફરમાવ્યો છે કે,

“અને દુનિયામાં સારી રીતે તેમનો સાથ આપે.” (લુકમાન, પારા-૨૧, રૂ-૧૧)

કુર્આનમાં એક અન્ય ઠેકાણે ખાસ મા-બાપની તકલીફોને યાદ અપાવીને તેમની સાથે એહસાન કરવાનો હુકમ ફરમાવ્યો છે કે,

“અને અમે આદમીને હુકમ કર્યો કે, પોતાના મા-બાપ સાથે ભલાઈ કરે, તેની માંએ તેને પેટમાં તકલીફ સાથે રાખ્યો અને તકલીફ સાથે તેને જન્મ આપ્યો અને તેને ઉઠાવીને ફરવું અને તેનું દૂધ છોડાવવું ત્રીસ મહિનામાં છે. (પારા-૨૨, રૂકૂઅ-૨)

મા-બાપની સાથે સદવર્તાવનો મામલો કેવળ જાઈઝની હદો સુધી જ હોવો જોઈએ. એવું નથી કે તેમની દિલદારીમાં કોઈ ગલત અને ગૈર શરઈ કદમ પણ જાઈઝ સમજી લેવામાં આવે. તેના અનુસંધાનમાં કુર્આનની સ્પષ્ટ હિદાયત મૌજુદ છે. ઈર્શાદે બારી છે કે,

“અને અમે આદમીને તાકીદ કરી પોતાનાં મા-બાપ સાથે ભલાઈની અને જો તે તારાથી કોશિશ કરે કે તુ મારો (કોઈ) શરીક (ભાગીદાર) ઠરાવે જેનો તને ઈલ્મ નથી, તો તેમનું કહ્યું ન માન.” (પારા-૨૦, રૂકૂઅ-૧૩)

આ આયતનું શાને નુઝૂલ એ છે કે, હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ (રદિયલ્લાહો તઆલા અન્હો) જે સાબિકીને અવ્વલુન સહાબીઓમાંથી છે. તે પોતાનાં વાલિદાની સાથે સારો સુલૂક (સદવર્તાવ) કરતા હતા, જ્યારે ઈસ્લામ લાવ્યા, તો તેમનાં વાલિદા હમ્નહુ બિન્તે અબૂ સુફયાને કહ્યું કે, તેં આ શું નવું કામ કર્યું ? ખુદાની કસમ ! જો તુ તેનાથી અલગ નહીં થાય (ઈસ્લામ નહીં છોડે) તો હું ખાઈશ-પીશ નહીં. એટલે સુધી કે હું મરી જઈશ, તારી બદનામી થશે અને લોકો તને માંનો હત્યારો કહેશે ! ત્યાર પછી તે વૃદ્ધાએ એક રાત દિવસ ન ખાધું, ન પીધું, ન છાંયડામાં બેઠી, જેથી કમજોર થઈ ગઈ. ફરી બીજો એક દિવસ તથા રાત એ જ પ્રમાણે રહી, હઝરત સઅદ તેણી પાસે આવ્યા અને માં? જો તારા સૌ જીવ હોય અને એક એક કરીને સર્વે નીકળી જાય, તો પણ હું મારો દીન (ઈસ્લામ) છોડવાનો નથી ! તુ ચાહે ખા, ચાહે ન ખા !' જ્યારે તે હઝરત સઅદ તરફથી નિરાશ થઈ ગઈ, તો ખાવા પીવા લાગી. ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી અને હુકમ આપ્યો કે, માં-બાપ સાથે સદવર્તાવ કરવામાં આવે, પણ જો તેઓ કુફ્ર તથા શિર્કનો હુકમ આપે, તો માનવામાં ન આવે. કેમ કે એવી ઈતાઅત (ફરમાબરદારી) કોઈ પણ મલૂકની જાઈઝ નથી, જેમાં ખુદાની નાફરમાની થાય. (ખઝાઈન)

મુબારક હદીસો :

વાલિદૈન (મા-બાપ)ની સાથે હુસ્ને સુલૂક (સદવર્તાવ) અને તેમના હક્કોની સાચવણી વિશે હુઝૂર સૈયદે આલમ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) ઈર્શાદ ફરમાવે છે કે,

(૧) હઝરત અબૂ હુરૈરહ (રદિયલ્લાહો અન્હો)થી રિવાયત છે કે, એક વાર હુઝૂરે ફરમાવ્યું, “તેનું નાક ધૂળમાં મળે, તેનું નાક ધૂળમાં મળે !” અરજ કરવામાં આવી કે, કોનું નાક યા રસૂલલ્લાહ !! (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) આપે ફરમાવ્યું તેનું નાક જેણે વૃદ્ધ -આપ અથવા એ બે પામ્યાં. જન્નતી કે તેમની ખિદમત ન કરી અને ન કોઈ અન્ય રીતે તેમને રાજી રાખ્યાં, જેથી તે જન્નતનો હકદાર ન થયો. આ

સખત વઈદ (ચેતવણી)થી મા-બાપની નાફરમાની કરનારાઓ સબક હાંસલ કરે અને પોતાનો કેવો બુરો અંજામ થશે તે જાણી લે. (મુસ્લિમ શરીફ સાની, પેજ-૩૧૪ : મિશ્કાત શરીફ : ૪૧૮)

(૨) હુઝૂર મોહસિને ઈન્સાનિયત (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) ફરમાવે છે, વાલિદૈન (મા-બાપ)ની નાફરમાનીથી બચો! એટલા માટે કે જન્નતની ખુશ્બુ હજાર વરસના અંતર સુધી આવે છે. મા-બાપનો નાફરમાન તેની ખુશ્બુ સુંઘી શકશે નહીં. એ જ પ્રમાણે રિશ્તો (સંબંધ) તોડનાર, વૃદ્ધ વ્યભિચારી અને ઘમંડમાં પોતાનું તેહબંદ ઘૂંટીની નીચે લટકાવનાર પણ જન્નતની ખુશ્બુ પામશે નહીં, ત્યારબાદ હુઝૂરે ફરમાવ્યું, બેશક ! કિબ્રિયાઈ તો કેવળ રબ્બલ આલમીનને જ લાયક છે. (તફસીરે મદારિક, ભાગ-૨, પેજ-૩૧૨, અહયાઉલ ઉલૂમ-મિસ્ટ)

(૩) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર (રદિયલ્લાહો તઆલા અન્હો) રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું કે, "કબીરા ગુનાહોમાંથી એ પણ છે, કે કોઈ શખ્સ પોતાના મા-બાપને ગાળ આપે." સહાબાએ અરજ કરી, યા રસૂલલ્લાહ ! શું કોઈ પોતાના મા-બાપને પણ ગાળ આપે છે ?! હુઝૂરે ફરમાવ્યું, હા ! જ્યારે તે કોઈ વ્યક્તિના મા-બાપને ગાળ આપે અને જવાબમાં તે તેના મા-બાપને ગાળ આપે, તો જાણે તેણે પોતે જ પોતાના મા-બાપને ગાળ આપી. (મિશ્કાત, પેજ-૪૧૯) (૪) હઝરત અબૂ હુરૈરહ (રદિયલ્લાહો તઆલા અન્હ) રિવાયત કરે છે કે, અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું કે, ત્રણ દુઆઓ એવી છે જેના કબૂલ થવામાં કોઈ શક નથી. (૧) મઝલૂમ (જુલ્મ પામનાર)ની દુઆ (૨) મુસાફિરની દુઆ અને (૩) મા-બાપની પોતાના પુત્ર પર બદદુઆ.

જેથી ઔલાદ એવી કોઈપણ હરકતથી પરહેઝ કરે જેના સબબે મા-બાપે તેના હકમાં બદદુઆ કરવી પડે. મા-બાપે પણ શકય ત્યાં સુધી તેમના પર બદદુઆ કરવાથી બચવું જોઈએ, નહીં તો તે કબૂલ થઈ જતાં પોતે જ પસ્તાવું પડશે. (તિરમિઝી, ભાગ-૨, પેજ-૧૩) (૫) હઝરત ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહો તઆલા અન્હોમા)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું, જે પણ આજ્ઞાંકિત ફરઝંદ પોતાના મા-બાપને એકવાર રહમની (મહોબ્બતભરી) નજરથી જુએ, તો અલ્લાહ તઆલા તેના બદલામાં એક મકબૂલ હજ્જ લખશે. લોકોએ અરજ કરી, યા રસૂલલ્લાહ ! દિવસમાં સો વખત એ રીતે જુએ તો પણ ? ફરમાવ્યું, હા ! અલ્લાહ ઘણો જ મહાન તથા ઘણો જ પાક છે.

(૬) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર (રદિયલ્લાહો તઆલા અન્હોમા)થી રિવાયત છે કે, હુઝૂરે અકદસ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો કે, કેટલીક વાતો મોટા ગુનાહોમાંથી છે : (૧) અલ્લાહ સાથે શિર્ક કરવું (કોઈ ભાગીદાર દર્શાવવો) (૨) મા-બાપની નાફરમાની કરવી (૩) કોઈ જીવને (શરઈ કારણ વિના) કત્લ કરવો (૪) જૂઠી કસમ ખાવી. (મિશ્કાત, પેજ-૧૭, બહવાલા બુખારી)

(૭) હઝરત ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહો તઆલા અન્હોમા)થી રિવાયત છે, હુઝૂરે અન્વર (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો કે, કિયામતના દિવસે સૌથી અધિક અઝાબવાળો તે હશે, જેણે કોઈ નબીને કત્લ કરી દીધા

અથવા જેને કોઈ નબીએ કત્લ કર્યો હોય અથવા જેણે પોતાના મા-બાપમાંથી કોઈ એકને કત્લ કર્યા હોય.

અને તે આલિમને પણ સૌથી વધુ અઝાબ થશે જેણે, પોતાના ઈલ્મથી લાભ હાંસલ કર્યો નહિ. (દુર મન્સુર, ૧૮૪/૩૪)

(૮) હઝરત અબૂ રઝીન ઓકૈલી (રદિયલ્લાહો તઆલા અન્હો)થી રિવાયત છે કે, તે રસૂલે અકરમ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ની ખિદમતે અકદસમાં હાજર થયા અને અરજ કરી, યા રસૂલલ્લાહ ! યકીનન ! મારા મા-બાપ ઘણાં જ વૃદ્ધ છે. તેઓ હજ્જ તથા ઉમરા અને સફરની શક્તિ નથી ધરાવતાં. આપે ફરમાવ્યું, તમે તમારા બાપ તરફથી હજજ તથા ઉંમરા કરો. (મિશ્કાત, પેજ-૨૨૨)

(૯) હઝરત ઈબ્ને ઉંમર (રદિયલ્લાહો તઆલા અન્હોમા)થી રિવાયત છે કે, હુઝૂરે અકદસ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ની ખિદમતમાં એક શખ્સ આવ્યો અને તેણે અરજ કરી, યા રસૂલલ્લાહ ! મારાથી એક મહાન ગુનોહ થઈ ગયો છે, તો શું મારી તૌબા કબૂલ થઈ શકે છે ? ફરમાવ્યું, શું તારી મા છે ? અરજ કરી, નહીં ! ફરમાવ્યું, તારી કોઈ માસી છે ? અરજ કરી, હા! આપે ફરમાવ્યું, તેણીની સાથે સારો વર્તાવ કર ! (મિશ્કાત, પેજ-૪૨૦)

આ પરથી જાણવા મળ્યું કે, મા-બાપ અથવા માસી સાથે સદવર્તાવ કરવાથી ઘણા ગુનાહો માફ થઈ જાય છે. તેના કારણે નેકીઓની તૌફીક મળે છે.

(૧૦) હઝરત આઈશા સિદ્દિકા (રદિયલ્લાહો તઆલા અન્હા)થી રિવાયત છે કે, રસૂલે પાક (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું, તે શખ્સે પોતાના બાપની સાથે સારો વર્તાવ ન કર્યો, જેણે પોતાના બાપને તીવ્ર દ્રષ્ટિએ (કડક નજરે) જોયો. એટલે કે નજરોથી નારાજગી પ્રદર્શિત કરી. (તફસીરે દુર્રે મન્સુર, ૧૭૧/૪)

અન્હો)થી રિવાયત છે કે, હુઝૂરે અન્વર (સલ્લલ્લાહો
(૧૧) હઝરત અનસ (રદિયલ્લાહો તઆલા તઆલા અલયહે વસલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો, જે શખ્સ ઈચ્છે કે, અલ્લાહ તઆલા તેની ઉમરમાં બરકત આપે, તેની રોજી વધે, તો તેણે જોઈએકે પોતાના મા-આપની સાથે સારો વર્તાવ કરે અને પોતાના સગાંઓ સાથે સંબંધ જોડેલો રાખે. (દુર્રે મન્સુર, ૧૭૩/૪)

(૧૨) હઝરત અબૂ હુરૈરહ (રદિયલ્લાહો તઆલા અન્હો)થી રિવાયત છે કે, રસૂલે મુકસ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો કે, તમે બીજાની ઔરતોથી પરહેઝ કરીને પાક દામન થઈ જાવ, એવું કરવાથી તમારી ઔરતો પાક દામન રહેશે અને તમારા પિતાની સાથે સદવર્તાવ કરો. એવું કરવાથી તમારા પુત્રો તમારી સાથે સદવર્તાવ કરશે. જે શખ્સની પાસે તેનો ભાઈ માફી માગે તો તેની માફી કબૂલ કરી લેવી જોઈએ, ભલે તે હક્ક પર હોય કે નાહક્ક પર હોય. જો કોઈએ એવું ન કર્યું (એટલે કે માફી કબૂલ ન કરી)તો તે મારા હૌઝે કૌસર પર ન આવે, એટલે કે તેને મારા હોઝે કૌસરથી સૈરાબ (તૃપ્ત) થવાનો હક્ક નથી. (મુસ્તદરક, હાકિમ, ૧૫૪/૪)

ઔલાદ પર બાપનો હક્ક અતિ મહાન છે અને માં નો હક્ક તેનાથી પણ મહાન છે. અલ્લાહ તઆલા કુર્આનમાં ફરમાવે છે : “અને અમે માનવીને આદેશ આપ્યો કે પોતાના મા-બાપ સાથે ભલાઈ કરે. તેની માએ તેને પેટમાં રાખ્યો, કષ્ઠ વેઠીને અને તકલીફ વેઠીને જણ્યો અને તેને ઊંચકી ઊંચકીને ફરવું અને તેનું

પેટમાંરહેવું અને તેનું દૂધ છોડાવવું ત્રીસ મહિનામાં છે. (સૂરએ અહકાફ; આયત-૧૫)

આ આયતે કરીમામાં રબ્બલ ઈઝઝતે મા અને બાપ બંનેના હકકમાં તાકીદ ફરમાવીને, માંને ખાસ અલગ કરીને દર્શાવી અને તેણીની આ સખ્તીઓ તથા તકલીફોને જે તેણીને ગર્ભ તથા જન્મ આપતી વેળા અને બે વરસ સુધી પોતાના લોહીનો અર્ક પીવડાવવામાં પડી, તેના લીધે તેણીનો હકક ઘણો મહાન થઈ ગયો.

એ જ પ્રમાણે બીજી આયતમાં ફરમાવ્યું: “અને અમે તાકીદ કરી, માણસને તેનાં મા-બાપના હકમાં, પેટમાં રાખ્યો તેને તેની માંએ, સખ્તી પર સખ્તી ઉઠાવીને ઉ અને તેના દૂધનું છૂટવું બે વરસમાં છે. એ કે હકક માન

મારો અને પોતાનાં માં-બાપનો. (સૂરા લુકમાન; આવત-૧૪, પારા-૨૧, રૂકૂઅ-૧૧)

(આ આયતની તફસીરમાં હઝરત સુફયાન ઈબ્ને ઐનિયહએ ફરમાવ્યું કે, જેણે પંજગાના નમાઝો અદા કરી, તે અલ્લાહનો શુક્ર બજાવી લાવ્યો અને જેણે પંજગાના નમાઝો બાદ વાલિદૈનના માટે દુઆઓ કરી તેણે વાલિદેનની શુક્ર ગુઝારી કરી. (ખઝાઈનુલ ઈર્ફાન, નોઅમાની)

અહીં મા-બાપના હકકની કોઈ મર્યાદા રાખી નથી, કેમકે તેને પોતાના મહાન (જલીલ) હકકની સાથે ગણ્યો. અલ્લાહ ફરમાવે છે કે, “શુક્ર બજાવી લાવ મારો અને તારા મા-બાપનો !"

આ બંને આયતો અને ઘણી હદીસો દલીલ રૂપ છે કે માંનો હકક બાપના હકકથી અધિક છે.

(૧) ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દિકા (રદિયલ્લાહો તઆલા અન્હા) ફરમાવે છે કે, મેં હુઝૂરે અકદસ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ને અરજ કરી, પત્ની પર સૌથી મોટો હકક કોનો છે ? ફરમાવ્યું, પતિનો. મેં અરજ કરી, અને પુરૂષ પર સૌથી મોટો હકક કોનો છે ? ફરમાવ્યું, તેની માં નો. (રિવાયત કરી બઝઝારે હસન તથા હાકિમની સનદથી.)

(૨) હઝરત અબૂ હુરૈરહ (રદિયલ્લાહો તઆલા અન્હો) ફરમાવે છે કે, એક શખ્સે હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ની ખિદમતમાં આવીને અરજ કરી, યા રસૂલલ્લાહ ! સોથી અધિક લાયક કોણ છે, જેની હું ખિદમત (ખૈરખ્વાહી) કરૂં ? ફરમાવ્યું, તારી માં. અરજ કરી, પછી ? ફરમાવ્યું, તારો બાપ. (બુખારી: મુસ્લિમ)

(૩) ત્રીજી હદીસમાં છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું, હું હું માણસને વસિયત કરું છું તેની માં ના હકકમાં,વસિયત કરું છું, તેની માં ના હકકમાં, વસિયત કરૂં છું તેની માં ના હકકમાં, વસિયત કરૂં છું તેના બાપના હકકમાં. (રિવાયત કરી ઈમામ અહમદ તથા ઈબ્ને માજહ તથા હાકિમ તથા બયહકીએ સુનનમાં અબી સલામહથી) પણ આ (હકકમાં) અધિકતાનો મતલબ એવો છે કે, ખિદમત કરવામાં બાપ ઉપર માને અગ્રિમતા આપે. દા.ત. સો રૂપિયા છે અને કોઈ ખાસ કારણે, માંને અગ્રિમતા આપવામાં આડરૂપ નથી તો બાપને ૨૫ આપે અને માંને ૭૫ આપે. અથવા માં-બાપ બંનેએ એકસાથે પાણી માંગ્યું, તો પ્રથમ માંને પીવડાવે પછી બાપને. બંને સફરમાંથી આવ્યાં હોય, તો પ્રથમ માંની ખિંદમત કરે, પછી બાપની. એ જ પ્રમાણે દરેક મામલામાં કરે. એવું નહીં કે મા-બાપમાં જો આપસમાં

તંગ વાતાવરણ થાય તો માંનો સાથ આપે અને મઆઝલ્લાહ બાપને તકલીફ પહોંચાડે ? અથવા તેના પર કોઈ રીતે સખ્તી કરે અથવા તેને જવાબ આપે અથવા ઉદ્ધતાઈપૂર્વક આંખ મિલાવીને વાત કરે. આ સર્વ વાતો હરામ છે અને અલ્લાહ (અઝઝ વ જલ્લ)ની નાફરમાનીમાં, ન માંની ઈતાઅત છે, ન બાપની; માટે તેણે કોઈ એકનો સાથ આપવો હરગિઝ જાઈઝ નથી. તે બંને તેની જન્નત તથા દોઝખ છે, એકને પણ ઈજા આપશે, તો પોતે જહન્નમનો હકદાર થશે. (વઅયાઝુ બિલ્લાહિ તઆલા)

અલ્લાહની નાફરમાનીમાં બંનેમાંથી કોઈ એકની ફરમાબરદારી નથી. દા.ત. જો માં ચાહતી હોય કે તે કોઈ રીતે બાપને તકલીફ આપે અને એ ન માને, તો માં નારાજ થઈ જાય છે, તો એવા સંજોગોમાં માંને નારાજ થવા દે, પણ હરગિઝ તેની એ વાત ન માને. એ જ રીતે બાપના તરફથી માંને તકલીફ પહોંચાડવા વિશેની યોજના હોય, તો હરગિઝ ન માને, ભલે બાપ નારાજ થાય, આ તેમનો જુર્મ છે કે પુત્રથી અલ્લાહની નાફરમાની ઈચ્છે છે! બલ્કે ઉલમાએ એની વહેંચણી આ પ્રમાણે કરી છે કે ખિદમતમાં માંને પ્રાધાન્ય આપે જેનાં દ્રષ્ટાંતો ઉપર જોઈ ગયા. બાપની તાઝીમ વધારે કરવાની છે કારણ કે, તે તેની માંનો હાકિમ તથા આકા પણ છે.

મૃત્યુ બાદ મા-બાપના હક્કો

(૧) સૌ પ્રથમ હક્ક તેમના મૃત્યુ બાદ જનાઝાની વ્યવસ્થા કરવી, ગુસ્લ તથા કફન, નમાઝ તથા દફન છે. આ કામોમાં સુન્નતો તથા મુસ્તહબ બાબતોની કાળજી
રાખે. જેથી તેમના માટે દરેક ખૂબી તથા બરકત તથા રહમત અને સઆદતની ઉમ્મીદ બને.

(૨) તેમના માટે દુઆ તથા ઈસ્તિગફાર હમેશાં કરતા રહેવું, તેનાથી કદી ગફલત કરવી નહિ.

(૩) સદકા, ખૈરાત અને નેક અમલોનો સવાબ, શક્તિ અનુસાર પહોંચાડતા રહેવું અને તેમાં કમી ન કરવી. પોતાની નમાઝની સાથે તેમના માટે પણ નમાઝ પઢે. પોતાના રોઝાઓની સાથે તેમના માટે પણ રોઝા રાખે. બલ્કે જે પણ નેક કામ કરે તે સર્વેનો સવાબ તેમને અને સર્વ મુસલમાનોને બખ્શી દે. સર્વેને સવાબ પહોંચી જશે અને તેના સવાબમાં કોઈ કમી થશે નહીં, બલ્કે ઘણી તરક્કી પામશે.

(૪) તેમના માથે કોઈ કરજ હોય, તો તેને અદા કરવામાં ઘણું જલ્દી કરે તથા કોશિશ કરે અને પોતાના માલથી એ કરજ અદા કરવામાં બંને જહાનની સઆદત (નેકબખ્તી) સમજે. પોતે શક્તિમાન ન હોય તો કુટુંબીઓ, સગાંઓ તથા અન્ય સારા લોકોની મદદ લઈને પણ કરજ અદા કરી દે.

(૫) તેમના માથે કોઈ ફર્ઝ રહી ગયો હોય, તો પોતાની શક્તિ અનુસાર તેને અદા કરવામાં કોશિશ કરે. હજ્જ ન કરી હોય, તો જાતે તેમના તરફથી હજ્જે બદલ કરે અથવા હજ્જે બદલ કરાવે. ઝકાત તથા ઉર તેમના માથે રહી ગયું હોય, તો તેને અદા કરે, નમાઝ તથા રોઝા બાકી હોય, તો તેનો કફ્ફારો આપવો તથા એ જ પ્રમાણે દરેક રીતે તેમને જિમ્મેદારીઓમાંથી મુક્તિ માટે જદ્દો જેહદ કરે, પૂરી કોશિશ કરે.

(૬) તેમણે જે જાઈઝ, શરઈ વસિયતો કરી હોય, તેને પૂરી કરવામાં શકય કોશિશ કરે, ભલે શરઅન પોતાના પર લાઝિમ ન હોય, ભલે પોતાના પર ભારરૂપ હોય. દા.ત. પોતાની અડધી મિલ્કતની વસિયત કોઈ વ્યક્તિ

વારસ ન હોય એવા સગા માટે, અથવા તદ્દન અજાણી વ્યક્તિ માટે તે કરી ગયા હોય, તો શરીઅતની રૂએ ૧/૩ માલથી અધિક વસિયત વારિસોની રજા વિના લાગુ થઈ શકતી નથી. પણ ઔલાદ માટે મુનાસિબ છે કે, તેમની એ વસિયત માને અને તેમની ખુશી પૂરી કરવા

૫-૨૦૦૪

૫-૫-૨૦૦૪

માટે પોતાની ખુશી પર તેને અગ્રિમતા આપે. અર્થાત ૧/૩થી વધારે માલની કરેલી એ વસિયતને મંજૂર રાખે.

(૭) તેમની કસમ મુજબ તેમના મૃત્યુ બાદ પણ અમલ કરે. દા.ત. મા-બાપે કસમ ખાધી હતી કે, મારો પુત્ર ફલાણી જગાએ જશે નહીં અથવા ફલાણાને મળશે નહીં અથવા ફલાણું કામ કરશે નહીં. તો તેમના મરણ - + બાદ એવો ખયાલ ન કરે કે હવે તેઓ નથી, તો તેમની કસમનો ખયાલ રાખવાની જરૂર નથી. બલ્કે તેના એટલા જ પાબંદ રહેવું જેટલા પાબંદ તેમની જિંદગીમાં રહેતા હતા. જ્યાં સુધી શરીઅત તરફનો કોઈવાંધો આડ ન બને. કેવળ કસમની જ વાત નથી. દરેક જાઈઝ બાબતોમાં મૃત્યુ બાદ પણ તેમની મરજીના પાબંદ રહેવું જોઈએ.

(૮) દરેક જુઆના રોજ તેમની કબરની ઝિયારતે જવું, ત્યાં જઈને 'સૂરએ યાસીન શરીફ' એવા અવાજથી કે તે પોતે સાંભળે એ રીતે પઢવું અને તેનો સવાબ તેમની રૂહને પહોંચાડવો. જો રસ્તામાં તેમની કબ્ર આવતી હોય, તો સલામ તથા ફાતેહા જરૂરથી પઢી લેવો.

(૯) તેમના સગાં-સંબંધીઓ સાથે જીવનભર સારો સુલૂક રાખવો. (શરત એ કે સગાં બદઅકીદા ન હોય. જો બદઅકીદા હોય તો સંબંધ કટ કરી નાખવો.-અનુ)

(૧૦) તેમના દોસ્તો સાથે દોસ્તી નિભાવવી અને હમેશાં તેમની ઈજ્જત કરવી. (શરત ઉપર મુજબ-અનુ)

(૧૧) કદી પણ કોઈનાં મા-બાપને બુરાં કહીને, તેમને બુરાં ન કહેવડાવશો.

(૧૨) તમામ હક્કોથી સખ્ત અને સતત ધ્યાનમાં લેવા જેવો એ હક્ક છે કે, કદી કોઈ ગુનોહ કરીને તેમને તકલીફ ન પહોંચાડે, કેમકે ઔલાદના અમલોની ખબર મા-બાપને પહોંચે છે. તેના સર્વ અમલોની ખબર મા-બાપને પહોંચે છે. જો નેકીઓ જુએ છે તો ખુશ થાય છે અને તેમનો ચહેરો ખુશીથી ચમકતો દમકતો રહે છે. જો ગુનાહ જુએ છે, તો ગમગીન બને છે અને તેમનાં દિલ પર સદમો થાય છે. ઔલાદને હક્ક નથી કે મા-બાપને કબરમાં પણ તકલીફ પહોંચાડવામાં આવે ! (જે લોકો ગુનાહો કરે છે, તેમણે મા-બાપની મહોબ્બતને ખાતર પણ સુધરી જવું અને ગુનાહો છોડી દેવા.)

અલ્લાહ ગફૂરો રહીમ, રબ્બે કરીમ (જલ્લ જલાલહુ) તેના પ્યારા હબીબ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ના સદકામાં આપણને સૌ મુસલમાનોને નેકીઓની તૌફીક આપે, ગુનાહોથી બચાવે અને આપણા અકાબિરની કબરોમાં હમેશાં નૂર તથા સુરૂર પહોંચાડે, કારણ કે અલ્લાહ કાદિર છે અને આપણે આજિઝ, તે ગની અને આપણે મોહતાજ છીએ.

બીજી કેટલીક હદીસો બયાન કરવામાં આવે છે કે જેના થકી આ હુકમો કાઢવામાં આવ્યા છે:

(૧) એક અન્સારીએ (રદિયલ્લાહો તઆલા અન્હો)એ હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ની ખિદમતે અકદસમાં હાજર થઈને અરજ

કરી, યા રસૂલલ્લાહ! મા-બાપના ઈન્તેકાલ પછી કોઈ તરીકો તેમની સાથે ભલાઈનો છે, જેને હું બજાવી લાવું? ફરમાવ્યું, “હા! ચાર વાતો છે. (૧) તેમની બાકી રહેલી નમાઝ (૨) તેમના માટે મગફિરતની દુઆ (૩) તેમની વસિયત લાગુ કરવી (૪) તેમના દોસ્તોની તાઝીમ અને જે સંબંધ તેમના તરફથી હોય તેને સદવર્તાવ સાથે નિભાવી રાખવો. આ તે નેકીઓ છે કે તેમના મૃત્યુ બાદ પણ તેમની સાથે કરવી બાકી રહે છે.” (ઈબ્ને નજ્જાર, સુનને બયહકી, અબૂ દાઉદ, ઈને માજહ: ઈબ્ને હબ્બાન)

(૨) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ફરમાવે છે, “મા-બાપ સાથે નેક સુલૂક (સદવર્તાવ)નો મતલબ એ છે કે, ઔલાદ તેમના પછી તેમના માટે મગફિરતની દુઆ કરે.” (ઈને નજાર)

(૩) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) ફરમાવે છે કે, “માણસ જયારે મા-બાપ માટે દુઆ કરવાનું છોડી દે છે, ત્યારે તેની રોજીમાં કાપ આવી જાય છે.” (તિબાનીએ તારીખ તથા 'દયલમી'માં અનસ ઈબ્ને માલિક (રદિયલ્લાહો તઆલા અન્હો)થી આ રિવાયત કરી.)

સાભાર:
તયબાહ:01-06-2004
લેખક:ઉસ્માનભાઈ ખત્રી

# ત્રણ કવિઓ

દરબારે રિસાલતના ત્રણ શાયરો હતા. (૧) હઝરત હસ્સાન બિન સાબિત, જે લડાઈઓ વખતે દુશ્મનોના વંશ અને ખાનદાન પર ચોટ લાગે તેવી શાયરી કહેતા હતા. (૨) હઝરત કઅબ બિન માલિક, જે ઈસ્લામી લડાઈથી કાફિરોને ધમકાવતા અને ડરાવતા હોય તેવી શાયરી કરતા હતા. (૩) હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા, જે કાફિરોને તેમના કુફ્ર પર ગૈરત આવે અને શરમ આવે તેવી શાયરી રચી કાઢતા હતા.

એક વખત હુઝૂર નબીયે કરીમ, મસ્જિદમાં ખુત્બો આપી રહ્યા હતા. ખુત્બા દરમિયાન ઈર્શાદ થયો કે, પોતપોતાની જગા પર બેસી જાવ. તે જ વખતે હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા જે હજી મસ્જીદની બહાર હતા, ત્યાં જ બેસી ગયા. ખુત્બા પછી કોઈએ આ વાતની ખબર હુઝૂરને આપી. હુઝૂરે ફરમાવ્યું કે, ખુદા અને રસૂલે ખુદાની ઈતાઅતમાં, અલ્લાહ તેમનો ઈશ્ક હજુ વધુ વધારી દે. હઝરત અબ્દુલ્લાહ, રસૂલે કરીમની ના'ત (તારીફ)માં શે'ર કહ્યા કરતા હતા. તેમનો એક શે'ર ઘણો જ પસંદ કરવામાં આવ્યો છે. તે આ મુજબ છે.

(અર્થ :) "અગર આપ સરકારમાં રિસાલતની ખુલ્લી નિશાનીઓ ના પણ હોય, તો પણ આપનો ચહેરો જ રિસાલતની ખબર આપવા માટે કાફી હતો.” (-અસાબા, જી-૪, પેજ-૨૬૬) ભાઈઓ અને બહેનો ! દરબારે રિસાલતના સહાબાઓ, મદની સરકારનો કેવો એહતેરામ અને અદબ કરતા હતા.
અપની આદત નહીં, ગિલે શિકવે
બાત નિકલી તો બાત કરતે હંય

# 'વાહ કયા મર્તબા અય ગૌષ હૈ બાલા તેરા !

અઝ: હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદિષ દહેલ્વી رحمۃ اللہ علیہ
પટેલ શબ્બીરઅલી

બરકાતે ખ્વાજા ૧૬
કુત્બુલ અકતાબ, ફર્દુલ અહબાબ, ગૌષે આ'ઝમ, શૈખુશશોયૂખે આલમ, ગૌષુષ્ષકલૈન, ઈમામુત્ તાઈફતૈન, શૈખુત્તાલિબીન, શૈખુલ ઈસ્લામ, મોહિયુદ્દીન અબૂ મુહમ્મદ સૈયદ અબ્દુલકાદિર જીલાની, અલ હસની વલ્ હુસૈની બગદાદી رضی اللہ عنہ ની વિલાદત હિ.સ. ૪૭૦ કે ૪૭૧માં થઈ. આપની ઉમ્ર મુબારકના પ્રારંભિક ૩૩ વર્ષો દસો તદરીસ તથા ફત્વા આપવામાં ગુજરી. અને ૪૦ વરસ મખલૂકે ખુદાની રુશ્દો હિદાયત તથા નસીહતમાં ગુજર્યાં અને નેવુ વરસની ઉમર પામીને હિ.સ. ૫૬૧માં આપનો વિસાલ થયો.

હિ.સ.૪૮૮માં જયારે આપની ઉંમર મુબારક ૧૮ વર્ષની હતી ત્યારે આપ બગદાદમાં તશરીફ લાવ્યા અને તે સમયના શયખો, ઈમામો, બુઝુર્ગોને દીન તથા મુહદ્દિષોની ખિદમતમાં રહ્યા. પ્રથમ તો કુર્આનને રિવાયતો દિરાયત તથા તજવીદો ક્રિરાઅતના અસરારો રુમૂઝ (રહસ્યો)ની સાથે હાંસલ કર્યું અને સમયના મહાન મુહદ્દિષો અને ફઝૂલો કમાલવાળા બુઝુર્ગો તથા મુસ્તનદ ઉલમાએ કિરામથી હદીષો સાંભળીને ઈલ્મોની પ્રાપ્તિ કરી ત્યાં સુધી કે તમામ ઉસૂલી, ફુરૂઈ, મઝહબી તથા અખ્લાકી ઈલ્મોમાં બગદાદના ઉલમાથી નહીં બલ્કે તમામ ઈસ્લામી મુલ્કોના ઉલમાથી આગળ નીકળી ગયા અને આપને સર્વે ઉલમામાં અગ્રતા હાંસલ થઈ ગઈ અને સૌમાં આપને કેન્દ્રનું સ્થાન મળી ગયું. અને સર્વે મલૂકમાં આપની મક્બૂલિયત ઘર કરી ગઈ.

એક દિવસ આપને જામા મસ્જિદમાં છીંક આવી તો ચારેવ તરફથી લોકોએ યર્હમુકલ્લાહ !નો અવાજ બુલંદ કર્યો. સમયનો ખલીફા મુસ્તનજિદ બિલ્લાહે જે મસ્જિદના મેહરાબમાં બેઠો હતો તેણે પરેશાન થઈને ફર્માવ્યું, આ શાનો શોર છે ?! લોકોએ જવાબ આપ્યો, હુઝૂર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ ને છીંક આવી હતી, જેના પર લોકોએ તેમને દુઆ આપી છે.

*ઈલ્મી કમાલનો દરજ્જો ! *

એક દિવસે આપના ઈજતેમામાં કોઈ કારીએ કુઆને કરીમની એક આયત પઢી. આપે તેની એક તફસીર બયાન કરી, પછી બીજી, પછી ત્રીજી એટલે સુધી કે હાજરજનોના ઈલ્મો પ્રમાણે ૧૧ તફસીરો બયાન કરી,પછી બીજી તફસીર શરૂ કરી ત્યાં સુધી ૪૦ તફસીરો બયાન કરી.... ત્યારબાદ ફર્માવ્યું, હવે આપણે 'કાલ'ને છોડીને 'હાલ'માં આવીએ છીએ, પછી આપ કલ્મો પઢયા. એ કલ્માએ તૌહીદ જીભેથી નીકળતાં જ હાજરજનોનાં દિલમાં અજંપો તથા હલચલ મચી ગઈ અને તેઓ કપડાં ફાડીને જંગલની તરફ નીકળી ગયાં.

* ૪૦ વર્ષ ઈશાના વુઝૂથી ફજર ! *

એકવાર આપે ફર્માવ્યું કે ૨૫ વરસો સુધી દુનિયાથી સંબંધ કટ કરીને હું ઈરાકના રણો અને વિરાનાઓમાં એ રીતે ચક્કર કાપતો રહ્યો કે ન હું કોઈને ઓળખતો હતો અને ન મને કોઈ. રિજાલુલ ગયબ અને

જિન્નાતની મારી પાસે આવજા રહેતી હતી અને હું તેમને રાહે હક્કુની તા'લીમ આપ્યા કરતો હતો. ૪૦ વરસ સુધી મેં ફજરની નમાઝ ઈશાના વુઝૂથી પઢી.

અને ૧૫ વર્ષો સુધી ઈશાની નમાઝ બાદ કુર્આન મજીદ એ રીતે શરૂ કરતો કે એક પગ પર ઉભો રહી જતો અને એક હાથ વડે દીવાલની ખૂંટી પકડી લેતો અને આખી રાત એ જ હાલતમાં રહેતો, ત્યાં સુધી કે સવાર સુધીમાં કુર્આને કરીમ ખત્મ કરી આપતો. ત્રણ દિવસથી ૪૦ દિવસ સુધી ઘણીવાર આવું થયું કે ન ખાવા માટે કાંઈ મળ્યું ન સૂવાનો મોકો મળ્યો.

* ગૌષે આ'ઝમ અને વાયદાની પાબંદી *

હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે કે
એકવાર સફરમાં એક શખ્સે મારી પાસે આવીને કહ્યું કે એ શરતે મને તમારી સંગાથે લઈ લો કે સબ્ર પણ કરશો. અને હુકમની વિરુધ્ધ કાંઈ ન કરશો. એકવાર તેણે મને એક જગાએ બેસાડયો અને એ વાયદો લીધો કે જ્યાં સુધી આવું નહીં તમે અહીંથી જશો નહીં, અને ચાલ્યો ગયો. હું એક વરસ સુધી તેના ઈંતેઝારમાં બેઠેલો રહ્યો પણ તે શખ્સ ન આવ્યો. એક વરસ બાદ આવીને મને તે જ જગાએ બેઠેલો જોયો અને પછી એ જ વાયદો કરીને ચાલ્યો ગયો. ત્રણવાર એ જ પ્રમાણે થયું. છેલ્લી વખતે તે પોતાની સાથે દૂધ તથા રોટલી લાવ્યો, અને કહ્યું કે હું ખિઝર છું અને મને હુકમ છે કે આપની સાથે બેસીને આ ખાણુ ખાઉં, જેથી અમે ખાવા ખાધું. ફારિગ થયા બાદ હઝરત ખિઝરે ફર્માવ્યું, હવે ઉઠો સૈરો સિયાહત ખત્મ કરો અને બગદાદમાં જઈને બેસી જાવ. લોકોએ પૂછયું કે એ ત્રણ વરસોમાં ખાવા પીવાની શું સ્થિતિ રહી ? ફર્માવ્યું, દરેક સામાન આપોઆપ પેદા થઈને જમીન પર પડેલો મળી જતો હતો.

* આપના પર શૈતાનનો હુમ્લો !*

હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہ ના સાહબઝાદા શેખ ઝિયાઉદ્દીન અબૂ નસ્ર મૂસાનું બયાન છે કે મેં પોતાના વાલિદે મુહતરમથી પોતે સાંભળ્યું, ફર્માવતા હતા કે એક સફરમાં હું એવા જંગલમાં પહોંચ્યો જ્યાં તદ્દન પાણી ન હતું. અમુક દિવસો ત્યાં રોકાયો પણ પાણીનો પત્તો ન લાગ્યો. જ્યારે ખૂબ જ તરસ લાગી તો અલ્લાહ તઆલાએ વાદળનો એક ટુકડો મોકલ્યો જેણે મારા ઉપર છાંયડો કર્યો અને અમુક ટીપાં વરસાવ્યાં જેને પીધા બાદ થોડોક આરામ મળ્યો. ત્યાર પછી એકાએક એક પ્રકાશ ઉભરાઈ આવ્યો જેણે સંપૂર્ણ આકાશને ઘેરી લીધું અને તેમાંથી એક અજીબ શક્કલ જાહેર થઈ અને અવાજ આવ્યો કે, "હે અબ્દુલ કાદિર ! હું તારો પરવરદિગાર છું ! બીજા પર મેં જે કાંઈ હરામ કર્યું તે તારા માટે હલાલ છે માટે દિલ જે ઈચ્છે તે કરો અને જેની ઈચ્છા કરે તે લઈ લો !" મેં કહ્યું, “અલ્લાહની પનાહ શૈતાન મરદૂદથી ! હે મલઊન ! દૂર થઈ જા! શું બકી રહ્યો છે ?" એકાએક પ્રકાશ અંધકારમાં બદલાઈ ગયો અને તે શક્કલ ધુમાડો બની કહેવા લાગી કે, હે અબ્દુલ કાદિર ! તમે અલ્લાહના અહકામના જાણકાર હોવાના કારણે મારાથી બચી ગયા ! નહીં તો આવા ચક્કરો ચલાવી મેં ૭૦ અહલે તરીકૃતને એવા ગુમરાહ કર્યા કે કયાંયના ન છોડયા ! વળી આ તે કેવું જ્ઞાન તથા હિદાયત છે જે અલ્લાહ તઆલાએ આપને અતા ફર્માવ્યું છે. મેં કહ્યું, કે આ અલ્લાહનો ઉપકાર છે, તે જ શરૂ તથા અંતમાં હિદાયત આપનાર છે.

* આપની મેહફિલનો જલ્વો *

આપની વાઅઝની મજલિસમાં ૪૦૦ લોકો કુલમ તથા ખડીયો લઈ બેસતા અને જે કાંઈ સાંભળતા તેને લખી લેતા. આપે ફર્માવ્યું કે શરૂઆતના દિવસોમાં મેં હુઝૂર صلی اللہ علیہ وسلم તથા મૌલા અલી کرم اللہ تعالی رحمۃ الکریم ને સ્વપ્નમાં જોયા જેઓ મને વાઅઝ કરવા માટે હુકમ ફર્માવી રહ્યા હતા અને મારા મોઢામાં તેઓએ પોતાનું થૂંક મુબારક આપ્યું અને ત્યારથી જ મારા માટે ઈલ્મનાં દ્વારો ખુલી ગયાં. મશાઈખથી નકલ કરવામાં આવ્યું છે કે હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ જ્યારે વાઅઝ ફર્માવતી વખતે 'અલ્હમદુલિલ્લાહ !' કહેતા તો દુનિયામાંના દરેક ગાયબ તથા હાજર વલી શાંત થઈ જતા. આથી જ આપ 'અલ્હમદુલિલ્લાહ !' બે વાર કહેતા અને આ દરમિયાન થોડી વાર ચૂપ રહેતા. (બંને અલ્હન્દુલિલ્લાહ દરમિયાન) અને અવલિયા અલ્લાહ તથા ફરિશ્તાઓની આપના મજમામાં ભીડ લાગી જતી. આપની મજલિસમાં જેટલા લોકો જોવામાં આવતા એથી અધિક રિજાલુલ ગયબ એટલે એવા લોકો હાજર રહેતા જે જોઈ ન શકાતા.

આપના સમયના એક બુઝુર્ગ ફર્માવે છે કે એકવાર મેં જિન્નતાની હાજરી માટે વઝીફો કર્યો પણ કોઈ જિન્નાત હાજર ન થયો અને નક્કી થયેલ સમય કરતાં મોડુ કર્યું. મને ઘણો જ અચંબો થયો કે મોડુ શા માટે કર્યું ?! પછી તેમાંના અમુક જિન્નાત હાજર થયા. મેં મોડુ થવાનું કારણ પૂછ્યું તો કહેવા લાગ્યા કે હઝરત શેખ અબ્દુલ કાદિર વાઅઝ ફર્માવી રહ્યા હતા અને અમે સૌ ત્યાં હાજર હતા. અત્યાર પછી અમને એવા સમયે ન બોલવાશો જ્યારે અમે હઝરત શેખની બારગાહમાં વાઅઝ સાંભળવામાં હાજર હોય, નહીં તો અમને મોડુ થશે જ ! મેં કહ્યું કે તમે પણ તેમની મજલિસમાં હાજર થાવ છો ?! કહેવા લાગ્યા કે ઈન્સાનોની ભીડ કરતાં અમારી ભીડ ત્યાં વધુ હોય છે ! અમારામાંના વધુ પડતા કુટુંબો આપના હાથ પર ઈસ્લામ લાવી અલ્લાહ તરફ મુતવજજેહ થયા છે. (સુબ્હાનલ્લાહ !)

પાંચસોથી અધિક યહૂદ તથા નસારા (ઈસાઈ) અને લાખોથી અધિક અન્ય લોકો આપના હાથ પર તૌબા કરી ચૂક્યા અને પોતાના કુકર્મોથી દૂર થઈ ગયા હતા, તો મબ્લૂકે ખુદાના અન્ય લોકોના બારામાં શું કહી શકાય છે.

* આપની વિલાયતનો મકામ *

એકવાર લોકોએ આપને અર્ઝ કરી કે તમને કઈ રીતે ખબર પડી કે તમે અલ્લાહ  ના વલી છો ?! ફર્માવ્યું, દસ વરસની ઉમર હતી તો જયારે હું મદરસે જતો તો માર્ગમાં ફરિશ્તાઓને મારી આસપાસ ચાલતા જોતો, અને જયારે મદ્રસામાં પહોંચી જતો તો ફરિશ્તાઓને એ વાત બાળકોને કહેતાં સાંભળતો, હે બાળકો ! વલીના માટે જગા છોડી આપો ! એક દિવસે મને એવો શખ્સ જોવા મળ્યો જે પહેલાં કદી જોયો ન હતો. તેણે એક ફરિશ્તાને પૂછયું, આ બાળક કોણ છે જેની તમો આટલી તા'ઝીમ કરો છો ?! તેણે જવાબ આપ્યો, આ અલ્લાહનો વલી છે જેનો ઘણો જ મહાન મર્તબો થશે..... ચાલીસ સાલ પછી મેં ઓળખ્યો કે તે શખ્સ પોતાના સમયનો અબ્દાલ હતો.

ગૌષ પાક  ફર્માવે છે કે હું નાનો હતો ત્યારે એક રોજ અરફાના દિવસે શહેરની બહાર આવ્યો અને ખેતીવાડીના એક બળદની પૂછડી પકડીને ભાગવા લાગ્યો. બળદે પાછા ફરીને મને જોયો અને કહ્યું, "હે અબ્દુલ કાદિર ! તમને આ કામના માટે પેદા કરવામા નથી આવ્યા ! ન આ કામનો હુકમ આપ્યો છે." (હું

ગભરાતો કાંપતો) મારા ઘરે પરત થયો અને મકાનની છત પર પહોંચી ગયો તો ત્યાંથી લોકોને અરફાતના કે મેદાનમાં ઉભેલા જોયા. બસ, હું મારાં વાલિદાની ખિદમતમાં આવીને કહેવા લાગ્યો, મને ઈલ્મ પ્રાપ્તિની - તથા અવલિયાની ઝિયારતના માટે બગદાદ જવાની રજા - આપો.

* ગૌષ પાકના ઉચ્ચ અખલાક મુબારક !*
ગૌષ પાકના ઉચ્ચ અખ્લાક મુબારક ! *

આપના અખલાક انك لعلى خلق عظيم નો નમુનો અને انك لعلى هدى مستقيم ના જેમ હતા.આપના આટલા મહાન મર્તબાવાળા, ઈલ્મવાળા, શાનો શૌકૃતવાળા હોવા છતાં ગરીબોમાં કમજોરોમાં બેસતા ફકીરો સાથે નમ્રતાથી વર્તતા, મોટાઓની ઈજ્જત નાનાઓ પર હેત, સલામ કરવામાં પહેલ, તાલિબે ઈલ્મો તથા મહેમાનો સાથે ઘણો સમય બેસતા.... વગેરે ખૂબીઓના આપ માલિક હતા.

એકવાર આપ હજ્જના ઈરાદાથી નીકળ્યા. જ્યારે બગદાદની નજીક એક જગા જેનું નામ હલ્લા હતું ત્યાં પહોંચ્યા તો હુકમ આપ્યો, અહીં એવું ઘર શોધો જે સૌથી વિશેષ તૂટેલું ફૂટેલુ અને ઉજજડ હોય, ત્યાં આપણે રોકાઈશું. જો કે ત્યાંના માલદારોએ સારામાં સારાં મકાનો આપને રોકાવા માટે પેશ કર્યાં પણ આપે ના પાડી. ઘણી શોધખોળને અંતે એક એવું મકાન મળી ગયું જેમાં વૃદ્ધ, વૃદ્ધા અને એક બાળકી હતી. આપે વૃદ્ધ પુરૂષથી રજા લઈને રાત તે મકાનમાં પસાર કરી અને તે તમામ નઝરાણા તથા હદિયા જે નકદ, જણસ અને પ્રાણીઓના રૂપમાં આપને પેશ કરવામાં આવ્યાં તે વૃદ્ધને આપી દીધાં. હાજરજનોએ પણ આપના અનુસરણમાં સઘળો માલ તે વૃદ્ધને આપી દીધો. અલ્લાહ તઆલાએ આપના સદકામાં તે વૃદ્ધને આપના કુદમોની બરકતથી એવી દૌલત અતા કરી કે એની આસપાસમાં કોઈને ન મળી.

* * આ છે ગૌષે આ'ઝમનો કમાલ ! *

એક નાનકડો કાફલો જીલાનથી રવાના થઈ ઈલ્મ તથા વિદ્યાના સેન્ટર બગદાદ તરફ કૂચ કરી રહ્યો હતો. અનેક મંઝિલો પાર કરી કાફલો હમદાનથી થોડોક આગળ તઝ નામના સ્થળે પહોંચ્યો જ હતો કે ડાકૂઓનો
હુમલો થયો. ડાકુઓ સાઈઠની સંખ્યામાં હતા. તેમણે ખૂબ જ બેદર્દીથી માલ લૂટી એક જગ્યાએ એકઠો કર્યો. બધા જ લોકો ડરના માર્યા સ્તબ્ધ હતા પરંતુ ૧૮ વર્ષનો એક નવ યુવાન પણ તેમાં હતો ગજબની શાંતિ તેના મુખે ઉભરાઈ રહી હતી, બિલકુલ શાંત એક ખૂણામાં ઉભો હતો. એક ડાકૂએ તેની પાસેથી પસાર થતાં અમસ્તુ જ પૂછયું કે તારી પાસે પણ કાંઈ છે ? નવયુવાને જવાબ આપ્યો કે મારી પાસે ૪૦ દીનાર છે જે મારી બંડીની બગલના નીચલા ભાગમાં સીવેલા છે. ડાકૂ સમજ્યો કે જવાન મઝાક કરી રહ્યો છે, નહીં તો ડાકૂને પોતાનો છુપાયેલ માલ વિશે કોણ બતાવે ?! બીજો એક ડાકૂ પણ પસાર થયો તેણે પણ તે જ સવાલ કર્યો અને તેને પણ સરખો જવાબ મળ્યો. બીજો ડાકૂ પણ પહેલાની જેમ પસાર થઈ ગયો.

ડાકૂઓનો સરદાર એક ટેકરી ઉપર બેસી લૂટેલો માલ વહેંચી રહ્યો હતો, એક ડાકૂએ સરદારને પેલા નવયુવાનના જવાબ વિશે કહ્યું તો સરદાર ચોંકી ઉઠયો. તેણે અવિશ્વાસભરી નજરે પોતાના સાથીઓ તરફ જોયું અને કહ્યું કે જયારે દરેક માણસ પોતાના જાનની ફિક્રમાં છે, ખૌફ તથા ગમગીનીનો માહોલ છે, તેવામાં આ કોણ માણસ છે ?! સરદારે મજબૂર થઈ પોતાના

સાથીઓને કહ્યું કે તે નવયુવાનને અહીં હાજર કરવામાં આવે. જ્યારે તે નવજવાનની તલાશી લેવામાં આવી તો ખરેખર ૪૦ દીનાર નીકળ્યા. ડાકૂઓનો સરદાર એક પળ માટે આશ્ચર્યના સમંદરમાં ડૂબી ગયો અને પૂછયું, તને કઈ ચીજે આ સચ્ચાઈ માટે ઉભાર્યો ? ફર્માવ્યું, ઘરેથી રવાનગી વખતે મારી માંએ મને સત્ય બોલવાની શીખ આપી હતી, જેથી મારા ઝમીરને એ હરગિઝ માન્ય ન થયું કે કેવળ ૪૦ દીનાર માટે હું મારી માંને આપેલો વાયદો તોડી કાઢું ! આ શબ્દોનો સમૂહ ડાકૂના સરદારના દિલની આરપાર થનાર તીર બની નીકળી ગયો, તેની આંખો ખુલી ગઈ ! તે રડતાં કાંપતાં કહેવા લાગ્યો, સાહબઝાદા ! તમે તમારી માંને કરેલા વાયદાનું આટલી હદે આવી મુસીબતમાં પાલન કરો છો ! અને અમે અલ્લાહની સાથે કરેલા વાયદામાં ગદારી કરી રહ્યા છીએ ! તે તરત જ આપના હાથ પર તોબા કરી લે છે.

અને તેને જોઈ તેના સર્વ સાથીઓ તૌબા કરી લે છે. અને સઘળો લૂટેલો માલ સર્વને પરત કરી આપે છે. જેથી કાફલામાં પણ ખુશીઓની બહાર આવી જાય છે. (અહલે સુન્નત કી આવાઝ, હિ.સ. ૧૪૨૮માંથી ટૂંકાવીને)

*કામયાબીનો ઈલાજ ગૌષ પાકનો વસીલો

ગૌષ પાક - એ ફર્માવ્યું કે જયારે અલ્લાહથી કોઈ ચીજ માંગો તો મારા વસીલાથી માંગો જેથી મુરાદ પૂરી થાય. અને ફર્માવ્યું, જે શખ્સ કોઈ મુસીબતમાં મારા વસીલાથી ઈમદાદ ચાહે તો તેની મુસીબત દૂર થાય અને જે કોઈ તકલીફમાં મારું નામ લઈ પોકારે તેને રાહત મળે અને જે મારા વસીલાથી અલ્લાહ સમક્ષ પોતાની મુરાદો પેશ કરે તો તે પૂરી થશે.

* નમાઝે ગૌષિયા *

આપે ફર્માવ્યું કે જે શખ્સ બે રકાત નમાઝ પઢે, દરેક રકાતમાં સૂરએ ફાતિહા પછી ૧૧ વાર સૂરએ ઈખલાસ પઢે અને સલામ પછી સરકાર પર દુરૂદ મોકલે અને મારું નામ લઈને અલ્લાહથી દુઆ માંગે તો અલ્લાહ તઆલા પોતાના ફઝૂલો કરમથી તેની દરેક જાઈઝ હાજત પૂરી ફર્માવશે. (એક રિવાયતમાં છે કે, તે નમાઝ પછી ૧૧ કદમ ઈરાકની દિશામાં ચાલીને મારું નામ લઈને દુઆ માંગે.)

હે લોકો ! આ લખાણ મુહક્કિકે અલલ ઈત્લાક હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمت اللہ علیہ ના લખાણમાંથી લીધેલ છે જેમને માનવાનો દાવો વહાબી દેવબંદીઓ પણ કરે છે, પણ ગૌષ પાક - ગહેના મર્તબા વિશે તથા ગૌષ પાકનો વસીલો લેવા વિશે વાત કરતાં તેઓ 'શિર્ક ! શિર્ક !' કરે છે તો તેઓ હઝરત પર શો શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફત્વો આપશો ?! અલ્લાહ સાચી સમજ આપે.

તેમજ ગૌષ પાક એ ઈલ્મે દીન તથા ઈબાદતે ઈલાહી માટે કેટલી કોશિશો કરી હતી તથા દીન તથા શરીઅતની કેટલી પાબંદી કરી હતી તથા કેટલી મહેનત તેના પ્રચાર માટે કરી હતી...વગેરે તથા આપના અખલાક કેટલા ઉચ્ચ હતા.... સર્વ બાબતોને આમ તથા ખાસ લોકો જુએ અને સાચા આશિકે ગૌષ હોય તો એ જ પ્રમાણે પોતાના જીવનને ઢાળે એવી અપીલ છે. રબ્બે કરીમ તેના હબીબ ના સદકામાં સૌને નેક તૌફીક આપે. આમીન

બેશક જેમ જમીન ઉપર આસમાન છે એમ જ મારા મુરીદ ઉપર મારો હાથ છે, કદાચ જો તે બુરો છે તો પણ હું તો સારો જ છું ને!

ગૌસે આઝમ رضوان اللہ تعالٰی علیهم اجمعین

# ગોષે પાક رضی اللہ عنہ નું અનમોલ જીવન ચરિત્ર

----------------------------------------

લિ. મૌલાના ઝૈનુલ આબેદીન મિસ્બાહી તીથવા

****************************

વાહ ક્યા મરતબા એગૌષ!હે બાલા તેરા - ઊંચે ઊંચો કે સરોસે કદમ આલા તેરા

અલ્લાહ પાકનો કરોડો અહેસાન કે ઉમ્મતે મોહમ્મદિયાને દુનિયા અને આખેરતમા સફળ બનાવવા માટે પોતાના નેકબંદાઓ અવલિયા એ કીરામ, મુજદિદીને ઈસ્લામ, ઓલમા એ રબ્બાનિય્યીન ને હિદાયત માટે મોકલતો રહ્યો અને મોકલતો રહેશે.

આમાંથી જ એક મોટા મરતબા વાળી અઝીમ હસ્તી જેને પરદો થયો તેને આ રબિઉલઆખર ના 11 ચાંદે સનહીજરી પ્રમાણે 907 વર્ષ પૂરા થશે. જે પીરોના પણ પીર, રોશન ઝમીર, અવલીયાના સરદાર જેને આપણે મોટા પીર અથવા ગોષે પાક થી યાદ કરીએ છી. તમામ અહલે ઈમાન આ મહિનામાં કુરઆનખાની, ઝિકરો અઝકાર, નઝરોનિયાઝ અને અન્ય નેક કામ કરીને ગોષે પાક رضی اللّٰہ عنہ ની બારગાહમાં ઈષાલેસવાબ નો તોહફો નઝર કરીને મોહબ્બતનો સુબુત પેશ કરતા હોય છે. અલ્લાહ પાક આપણને અને આપણી આવતી પેઢીઓને અલ્લાહ પાકની અને અલ્લાના નેક બંદાઓની સાચી મોહબ્બત નસીબ ફરમાવે.

હવે અવલીયા થી બરકત કેવી રીતે પ્રાપ્ત કરવી? પહેલાના સમયના લોકો અલ્લાહના નેક બંદાઓ થી રૂબરૂ હિદાયત અને બરકત હાસિલ કરતા હતા આજે તે બહુ જ મુશ્કેલ બની ગયું છે પરંતુ આપણે ઓલિયાએકિરામ ના જીવન ચરિત્ર, તેમના બોધ, વચન વાંચીએ અને સમજીએ તો પણ ઈન્શાલ્લાહ આપણે પણ હિદાયત અને બરકતથી માલામાલ થઈ શકીએ. તોઆવો ગોષે પાકના જીવનચરિત્ર ની અમુક ઝલક વાંચી ને બરકત હાંસિલ કરીએ

આપની વિલાદત 1/ રમઝાન સ.હિ. 470 માં ઈરાનના એક શહેર ગિલાન( જીલાન )માં થઈ પિતા નું નામ અબુસાલેહ જંગી દોસ્ત- આપ હસની સૈયદ અને અમ્મી નું નામ ફાતેમા અને હુસેની સૈયદ હતા.

તુ હુસૈની હસની ક્યુ ના મુહયુદદીન હો- એ ખિઝર! મજમ એ બહેરૈન હે દરયા તેરા

ગોષેપાકرضی اللّٰہ عنہના કુટુંબ અને સગાઓ ઈલ્મ અને અમલથી મોહબ્બત કરનાર નેકલોકો ઉપરાંત અવલિયા નુ ખાનદાન કહેવાતું હતું.

નાનપણથી જ આપમાં વિચિત્ર ખુબીઓ હતી ખેલ,તમાશાથી દૂર રહેતા હતા.

આપનો તાલીમી સફર અને કસ્ટીઓનો સામનો

સાત વર્ષની ઉંમરમાં હાફિઝે કુરઆન બની ગયા. આપના જન્મ પહેલા જ આપ વિશે વિલાયતની ખુશખબરી હોવા છતાં 18 વર્ષની ઉંમર સુધી ગિલાન શહેરની જુદી જુદી દરસગાહોંથી જરૂરિયાતનું ઈલ્મ હાસિલ કરતા રહ્યા. આપના બાળપણમાં જ અબ્બાજાન વફાત થઈ ગયા હતા. આપના એક નાના ભાઈ હતા પરંતુ તે પણ નાની ઉંમરે વફાત થઈ ગયા. બંને ભાઈના ભરણ,પોષણખર્ચ,તાલીમી ખર્ચ અને પરવરિશ આપના અમ્મીજાન જ કરતા રહ્યા. ઈલ્મની તલબ એટલી વધી ગઈ કે 18 વર્ષની ઉંમરે વધારે તાલીમ માટે ગીલાનથી બગદાદ જે આશરે ૬૦૦ કિલોમીટર છે ત્યાં તાલીમ લેવા માટેની રજા અમ્મીજાનથી લીએ છે. અમ્મીજાન તરફથી રજા મળી જાય છે અને નીકળતી સમયે અમ્મીજાન વસિય્યત કરે

છે બેટા ગમે એવી તકલીફ આવી જાય કોઈ દિવસ ખોટું નહીં બોલવું. આ સફર દરમિયાન જ ડાકુઓ આપની સચ્ચાઈની બરકતથી લૂંટ માર થી તૌબા કરે છે.

બગદાદ શરીફ મા તે સમયે મોટો મદરસો જામિયા નીઝામિયામાં મહાન ઈલ્મ ધરાવનાર ૧૭ થી વધારે મોહદ્દિસ, મુફસ્સિર, અદીબ, ફકીહ ઓલમા એ કીરામથી ઈલ્મ પ્રાપ્ત કરતા રહ્યા. આ અરસામાં ગરીબી અને ફાકાકશી ના કારણે ઘણી બધી મુશ્કેલાતનો મોટો સામનો કરવો પડ્યો અને જ્યારે કાર પડ્યો ત્યારે ઝાડવાના પાન પર ગુઝારો કરતા હતા.

એક અલ્લાહના વલીની આપને કીંમતી નસીહત

તાલીમના જમાનામાં એક અલ્લાહના વલીની આપ પર નજર  પડે છે તો જાણી લીધું કે આ બાળક એક દિવસ સૂર્ય બનીને ચમકશે. તે વલીએ આપને નસીહત ફરમાવી કે બેટા કોઈ દિવસ કોઈ સામે હાથ લાંબો ન કરતા ત્યાર થી લઈ આખરી સમય સુધી કોઈ દિવસ કોઈ થી કોઈ જાતની આપે ન લાલચ કરી અને ન કોઈ પાસે આપે કાંઈ માંગ્યું.

તરીકત અને મારિફતનુ ઈલ્મ કેવી રીતે પ્રાપ્ત થયું?

ગોષે પાક**رضی اللّٰہ عنہ**એ ફરમાવ્યું કે ઈલ્મે ઝાહિર કુરઆન,હદીષ તફસીર, ફિકહ વગેરે પ્રાપ્ત કર્યા પછી મને અમુક બાબતોમાં વસવસા રહેતા હતા મેં અલ્લાહ પાક થી દુઆ કરી કે મને તારા કોઈ શરીઅત, તરીકત, મારિફતવાળા કામિલ બંદાની સોહબત નસીબ ફરમાવ જે મારા વસવસા ને દૂર કરે ગોષે પાક **رضی اللّٰہ** ફરમાવે છે કે બીજા દિવસે હું બગદાદ ના મોહલ્લાએ મુઝફ્ફરિયા પાસેથી પસાર થઈ રહ્યો હતો એવામાં એક સુફી એ બા સફા, મુસ્તજાબુદ્અવાત એટલે જેની દરેક દુઆ કબુલ થતી હોય એવા એક બગદાદના તમામ સુફીયાએકીરામ અને મશાઈખે ઈઝામના ઉસ્તાદેકુલ હઝરત અબુલ્ખૈર હમ્માદ બિન મુસ્લિમ દબ્બાસ **رضی اللّٰہ عنہ** એ મારું નામ લઈને મને બોલાવ્યો અને મારા ઉપર એવી નઝરે કરમ ફરમાવી કે મારા બધા  વસવસા દૂર થઈ ગયા અને મને તેમનાથી ઘણી લાગણી મોહબ્બત થઈ ગઈ અને ઘણા સમય સુધી તેમની ખીદમતમાં રહીને તરીકત અને મારિફત ની મંઝિલો સુધી પહોંચ્યો.

નફસ અને શૈતાન સાથે આપનો જિહાદ

આપ પોતાના નફ્ત સાથે જીહાદ અને ઈબાદતો રિયાઝત માટે વર્ષો સુધી જંગલો બયાબાનમાં પસાર કરતા રહ્યા. આ અરસામાં જીન્નાત અને શૈતાન આપની વિલાયત અને ઈમાન છીનવા માટે જાતે જાતના ભયાનક હમલા કરતા રહ્યા. પરંતુ અલ્લાહ પાક ની મદદ આપના સાથે હોવાથી કોઈપણ જાતની આપ ઉપર આંચ ન આવી. એક વખત આપને સખત તરસ લાગી વાદળા છવાઈ ગયા વરસાદ ચાલુ થઈ ગયો અચાનક એક પ્રકાશ જાહેર થાય છે અને એમાંથી અવાજ આવ્યો એ અબ્દુલ કાદર હું તારો રબ છું અને મેં દરેક હરામ વસ્તુ તારા માટે જાઈઝ કરી દીધી છે આ સાંભળતા જ આપે અઊઝુ...પડ્યો તરત જ તે પ્રકાશ ધુમાડો બની ફેલાઈ ગયો અને અવાજ આવ્યો એ અબ્દુલ કાદિર આજે તને તારા ઈલ્મેબચાવી લીધો નહીંતર આ જગ્યાએ 70 અવલીયાને મેં ગુમરાહ કરી વિલાયત છીનવી લીધેલ છે ગૌષે પાકે **رضی اللّٰہ عنہ**એજવાબ આપ્યો કે તારુ ઈલ્મ તને નથી બચાવી શક્યુ તો મારુ ઈલ્મ મને કેવી રીતે બચાવી શકે? મને તો મારા રબે બચાવ્યો છે.

આપના પીરો મુરશિદે આપને ખિલાફત આપી

વર્ષો સુધી જંગલો બયાબાનમાં રહ્યા બાદ એક વખત આપે વિચાર્યુ કે મારો રબ મને જ્યાં સુધી ખવડાવશે, પીવડાવશે નહીં ત્યાં સુધી હું કશું જ ખાઈશ, પીશ નહીં એક વખત આપના પીરો મુરશિદ હઝરત ખ્વાજા શેખ અબુ સઈદ મખઝુમી **رضی اللّٰہ عنہ**આપ પાસેથી પસાર થઈ રહ્યા હતા આપના પીરો મુરશિદે

આપને બોલાવ્યા, ઘરે લઈ ગયા અને ફરમાવ્યુ કે આજે હું અલ્લાહના હુકમથી તમને ખવડાવી અને પીવડાવી રહ્યો છું ત્યાર પછી આપને ખિલાફત પણ અતા ફરમાવી અને આપના પીર એક મદરસો ચલાવી રહ્યા હતા. આપને ગોષે પાક થી એટલો લગાવ અને મોહબ્બત થઈ ગઈ કે આખો મદરસો ગોષે પાકના હવાલે ફરમાવી દીધો અને દિવસે દિવસે તલબા તે મદરસામાં એટલા વધતા ગયા કે મદરસા ની ઈમારત નાની પડવા લાગી. આપે બગદાદના રહેવાસીઓથી અપીલ કરી તો માલદારોએ માલથી અને ગરીબોએ મહેનતથી મદરસાનુ મોટુ બાંધકામ કરી આપ્યુ અને ઈલ્મના તલબગાર દૂર દૂર થી મદરસામાં પડવા આવવા લાગ્યા અને ઘણા બધા કાબિલ ઓલમાં ફારિગ થઈ દૂર દૂર સુધી ઈસ્લામ નો પરચમ બલંદ કરવા લાગ્યા

ઉમ્મત માટે આપના કામો

આમ જનતાના સુધારા માટે આપ મજલિસો કાઈમ કરતા હતા જેમાં 70/ 70 હજાર લોકોનો મજમો થતો આપના વાઅઝો નસીહત અને તબ્લીગ થી ઘણા બધા યહૂદી, ઈસાઈ અને ગેર મુસ્લિમોંએ ઈસ્લામ સ્વીકાર કર્યુ અને હજારો ચોર,ડાકુ, બદઅમલ, બેઅમલ રાહ ઉપર આવી સફળતા મેળવી. ઝાલિમ બાદશાહો સામે નીડરતાથી હક વાત કહેતા અને આમ પ્રજાને ન્યાય અપાવતા અને ગરીબો ની બહુ જ મદદ કરતા એ જ માટે ગોષે પાક એટલે મદદ કરનાર આપનો લકબ બની ગયો. આપની બધી અવલાદ ઈલ્મ વાળી અને નેક હતી.

આપનો આખરી સમય

આખરી સમયે આપ બે મહિના સતત બીમાર રહ્યા. સકરાત સમયે દુવાઓનો વીરદ ચાલુ કર્યો અને છેલ્લે કલમો પડ્યો. 91 વર્ષની ઉંમરે સનહીજરી 561 માં આપની વફાત થાય છે. આપના મોટા દીકરા હઝરત પીર સૈયદ શાહ અબ્દુલ વહ્હાબ કાદરી رحمة الله عليه એ આપની નમાઝે જનાઝા પઢાવી અને મદરસા એ કાદરીયામાં જ આપનો આજે પણ મઝારે પૂર અનવાર છે. ઉંમતે મોહમ્મદીયા ઉપર ગોષે પાકનો મોટો અહેસાન હોવાથી આજે પણ 907 વર્ષ પૂર્ણ થયા છતાં બધા ગોષે પાક رضى الله عنه ને યાદ કરતા હોય છે અને એમના ફુયુઝો બરકાત પ્રાપ્ત કરવા માટે ખુશ નસીબો બગદાદ પણ ઝિયારત કરવા જતા હોય છે. અલ્લાહ પાક આપણને ગૌષે પાકના ફૂયુઝો બરકાતથી માલામાલ ફરમાવે. આમીન

નોટ: આપ થી વિનંતી છે નિયાઝમાં ફાયદાકારક વસ્તુ ફળ ફ્રુટ રાખવા જોઈએ ચોકલેટ, વગેરે ટોફી હાનિકારક વસ્તુથી બચવું જોઈએ. તંદુરસ્તી હજાર નેઅમતોથી બહેતર છે

ગોષેપાક رضى الله عنه નીએક કિતાબગુન્નિય્યતુત્તાલિબિન છે જેમાંઆપે શરીઅત નુ ઈલમહાસિલ કરવા, એના ઉપર અમલ કરવા વિશે અને સહાબએકીરામ, અહલેબૈયઈઝામ અને ઓલમા એદીનથી મોહબ્બતનું દર્શ આપેલ છે ઈષાલેનષવાબ માટે આ કિતાબ વધારે થી વધારે ઓલમાએદીન સુધી પહોંચાડવી બહુ જ ફાયદાકારક છે

હરામનું ખાણું તમારા દિલને મુર્દા બનાવી દેશે,
હલાલનું ખાણું તમારા દિલને જિંદા બનાવી દેશે.
ગૌસે આઝમرضوان الله تعالٰى عليهم اجمعين

# પ્યારા બાળકો

સવાલ : હઝરત ઈસા (અલયહિસ્સલાતો વસ્સલામ) કેટલા વર્ષ સુધી દુન્યા પર રહેશે ?

જવાબ : બાર વર્ષ સુધી

સવાલ : જે સમયે હઝરત ઈસા (અલયહિસ્સલાતો વસ્સલામ) આસમાન ઉપરથી જમીન ઉપર પધારશે તે સમયે તેમની ઉંમર કેટલી હશે ?

જવાબ : આપ ત્રેત્રીસ વર્ષની ઉંમરે આસ્માન ઉપર તશરીફ લઈ ગયા હતા, એજ ઉંમરના દુન્યા ઉપર ફરીવાર પધારશે, ત્યાર પછી બાર વર્ષ જમીન ઉપર આપનો કયામ રહેશે અને ૪૫ (પીસ્તાલીસ) વર્ષની ઉમરે આપ ઈન્તિકાલ ફરમાવશે.

સવાલ : આપના શરીર મુબારકને કઈ જગ્યાએ દફન કરવામાં આવશે ?

જવાબ: નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના રોઝા મુબારકમાં.

સવાલ : એટલા સમય સુધી દુન્યા ઉપર તેઓ શું કરશે ?

જવાબ : શરીઅતે મુહમ્મદીને દુન્યા ઉપર ફેલાવશે અને ત્યારે દુન્યા ઉપર માત્ર ઈસ્લામ મઝહબ રહેશે.

સવાલ : હઝરત ઈસા (અલયહિસ્સલાતો વસ્સલામ) આસ્માન ઉપરથી દુન્યા ઉપર પધાર્યા પછી સાદી પણ કરશે ?

જવાબ : આપ દુન્યામાં પધારીને શાદી પણ કરશે અને આપની અવલાદ પણ થશે.

સવાલ ; ઈમામ મહેદી (અલયહિસ્સલાતો વસ્સલામ) હઝરત ઈસા (અલયહિસ્સલાતો વસ્સલામ) થી પહેલાં જાહેર થશે કે, તેમના પછી ?

જવાબ : ઈમામ મહેદી (અલયહિસ્સલાતો વસ્સલામ) પહેલાં જાહેર થશે. તેઓ દજ્જાલની જાહેરાત ઉપરથી ઈસ્લામનું લશ્કર તૈયાર કરશે, તે સમયે હઝરત ઈસા (અલયહિસ્સલાતો વસલામ) ની પધરામણી થશે અને તેઓ દજ્જાલને કતલ કરવાની વ્યવસ્થા ગોઠવશે અને દજ્જાલને કતલ કરશે.

# :::::::::: હાર્દિક અપીલ ::::::::::

દરેક દેશના વિકાસમાં શિક્ષણનું યોગદાન ખૂબજ મહત્વનું છે. મૂળ વાંકાનેરના આજુબાજુના વિસ્તારમાં વસવાટ કરતા મોમીન સમાજના લોકોએ ખેતીમાં સખત મહેનત કરી શિ ક્ષણ ધંધા/ વ્યવસાય માં ખૂબ રસ/ રુચિ દાખવી ભારત દેશના વિકાસમાં અવિરત ફાળો આપવાનું કામ કરેલ છે. મોમીન ઉત્કર્ષ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મોમીન સમાજ ના પોતાની સખત મહેનતથી કાયમી ધોરણે સરકારી/ગ્રાન્ટેડમાં નોકરી મેળવનાર તથા વિશિષ્ટ પદવી મેળવનાર ભાઈઓ/ બહેનો ને સન્માન કરવાની પહેલ કરવાનું નક્કી કરેલ છે માટે નીચે જણાવેલ પાત્રતા ધરાવતા મોમીન સમાજ ના ભાઈઓ- બહેનો અરજી મોકલી સહકાર આપશો.

1) તા. 1/1/2024 થી 30/9/2025 સુધી માં કાયમી સરકારી કે ગ્રાન્ટેડ નોકરી મેળવી હોય.

2) તા. 1/1/2024 થી 30/9/2025 સુધીમાં MBBS/ MD, PHD, CA, નોટરી ની પદવી મેળવી હોય.

3) L. 1/1/2025 થી 30/9/2025 સુધી માં BDS, BAMS, BHMS, BVSC, BPT, BE ( એન્જીનીયર) ની પદવી મેળવી હોય. ( તા. 30/9/25 પહેલા છેલ્લા એક વર્ષના પદવી ધારકો)

અરજી: ઉપરોક્ત મોમીન ભાઈઓ/બહેનો તા. 30/9/2025 સુધીમાં પોતાના જરૂરી આધારો વોટ્સઅપથી કે રૂબરૂ ટ્રસ્ટ ની ઓફિસે મોકલી આપશો.

સન્માન કાર્યક્રમ સ્થળ/સમય : રાતી દેવરી બાયપાસ, પેટ્રોલ પંપ સામે, રાતી દેવરી.

તા. 20/10/2025, સોમવાર, સવારે 8:30 કલાકે

આયોજક •

**મોમીન ઉત્કર્ષ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-વાંકાનેર ઓફિસ** : અંજની પ્લાઝા, આયશા હોસ્પિટલ નીચે ચંદ્રપુર

મો. 79845 57597 (સવારે 10 થી 4)

…………… x …………… x …………… x …………… x ……………